ચરિત્ર પાઠમાળા.

ભાગ ૨ જો.

(હિંદુ, ઐતિહાસિક અને બીજી શાસ્ત્રીય વાર્તાઓનો સંગ્રહ.)

બનાવનાર,

મોતીલાલ હુકમભાઈ પટેલ.

મદદ માસ્તર, [illegible] તા. પેટલાદ.



અમદાવાદ,

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ

સંવત ૧૯૬૫. સને ૧૯૦૯.

કિંમત રૂ. ૦-૬-૦

શ્રી

રસિક વાર્તામાળા.


ભાગ ૨ જો.

(સંસારિક, ઐતિહાસિક અને શાસ્ત્રીય વાર્તાઓનો સંગ્રહ)

લખનાર,

મોતીલાલ તુલસીભાઇ પટેલ,

સ્કુલ માસ્તર, હેમોલ તા. પેટલાદ.



અમદાવાદ,

ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

કિંમત રૂા. ૦-૪-૬.

પ્રસ્તાવના.

યોગ્ય પ્રસ્તાવના પહેલા ભાગમાં લખવામાં આવી છે. ધોરણ બીજું અને તેથી ઉપલ્યાં ધોરણોના વિદ્યાર્થીઓને સંસારિક, ઐતિહાસિક, અને શાસ્ત્રીય વાર્તાઓથી તેમને વ્યવહારમાં ઘણું ઉપયોગી જ્ઞાન થાય, અને તેની સાથે તેમને નીતિનો પણ બોધ મળે એવા હેતુથી આ પુસ્તકમાં તેવી વાર્તાઓનું સંમિશ્રણ કરવામાં આવ્યું છે. ભાષા પણ વિદ્યાર્થીઓ સમજી શકે તેવી રાખવા બનતી તજવીજ કરવામાં આવી છે. દરેક વાર્તામાંથી ઘણા પ્રકારના બોધ યાદ રાખવા યોગ્ય છે, તે શિક્ષક બંધુઓએ વાંચી જોવાથી ખાત્રી થશે.

આ મારો પ્રથમનો પ્રયાસ હોવાથી ભૂલ ચૂક દરગુજર કરી સુચના કરવા વિનંતિ છે.

પુસ્તકને યોગ્ય આશ્રય મળતાં કરેલો પ્રયાસ ફળીભૂત થયેલો સમજાશે.

લી.

કર્તા.

અર્પણપત્રિકા.

રા. રા. શા. મગનલાલ જીવચંદ.

મુ. કાસર-તાલુકે-પેટલાદ,

વિ. વિ. કે, આપ કેળવણીના કામમાં તન, મન, અને ધનથી પૂર્ણ મદદ કરો છો, ગમ્મે તે જ્ઞાતિના ગરીબ અને નિરાધાર બાળકોને કેળવણી મળે, તેટલા માટે તેમને મફત ખોરાક પુરો પાડી, આપે ઘણાની આશિષ લીધી છે. મધ્યસ્થપંચ અને મહાલ પંચાઅતના મેમ્બર તરીખે આપ રાજા અને પ્રજાની સારી સેવા બજાવો છો. એવા આપના ઉમદા ગુણોથી આકર્ષાઈ તેમજ આપ સદ્‌ગૃહસ્થ અને મારા પરમસ્નેહી હોવાથી આપની માયાળુ લાગણી જોઈ, આ લઘુ પુસ્તકના બન્ને ભાગ મેં આપને અર્પણ કર્યા છે. તે સ્વીકારી આભારી કરશો.

તા. ૨૯ ૧-૦૯

મુ. પીહીજ.
વસંતપંચમી.

લી આપનો,
મોતીલાલ તુલસીભાઈ
પટેલ.

દરેક વાર્તા વાંચવા ખાસ વિનંતિ છે.

અનુક્રમણિકા.

શ્રી

રસિક વાર્તામાળા.

ભાગ ૨ જો.

હાથી અને ચાર નબળાં પ્રાણી.


એક વનમાં ઝાડ ઉપર ચકલી રહેતી હતી, તેણે ત્યાં માળો કરી તેમાં ઈંડાં મૂકયાં હતાં, હવે તે વનમાં એક હાથી રહેતો હતો, તે ઉનાળાના દિવસમાં તાપને લીધે તે ઝાડની છાયા નીચે આવીને ઉભો; અને પોતાની સૂંઢવતી તે ઝાડની ડાળ પકડી એટલે પેલો ચકલીનો માળો નીચે ભોંય ઉપર પડયો, અને તેમાંનાં ઈંડાં ફુટી ગયાં. તેથી ચકલાં શોક કરવા લાગ્યાં. એટલામાં ચકલીનો મિત્ર લક્કડખોદ પક્ષી ત્યાં આવી પહોંચ્યો, તે પણ ચકલીનું દુઃખ જોઇને રોવા લાગ્યો. પછી તેણે ચકલીને કહ્યું, બેન ! જે વસ્તુનો નાશ થયો તેનો શોક કરવો મૂકી દે. ચકલી બોલી, ભાઇ ! તે વાત ખરી, પણ જો તું મારો ખરો મિત્ર હોઉં તો મારાં બચ્ચાંને મારનારના મ-

રણુનો કંઈ ઉપાય શોધી કાઢચ, લક્કડખોદ બોલ્યો, મારો મિત્ર એક માખી છે તેની પાસે ચાલો જઈએ, પછી તે બેઉ માખી પાસે ગયાં, માખીએ કહ્યું, મારો મિત્ર એક દેડકો છે તેની પાસે આપણે જઈએ, એમ કહી ત્રણે જણ દેડકા પાસે ગયાં. ત્યાં તેમણે મસલત ચલાવી હાથીને મારી નાખવાનો ઠરાવ કર્યો, પ્રથમ દેડકે માખીને કહ્યું કે, તારે હાથીના કાનમાં પેશી વીણાના સરખો નાદ કરવો, એટલે હાથી પોતાની આંખો મીંચી જશે; ત્યારપછી લક્કડખોદે તેની આંખો ફોડી નાખવી, આંધળો થવાથી તે હાથી પાણીને માટે અહીં તહીં ભટકશે એટલે હું એક મોટા ઉંડા ખાડા-માં પેશી ડેંહું ડેંહું કરીને અવાજ કરીશ, તેથી તે તરશ્યો હાથી સમજશે કે અહીંઆં પાણી છે, એટલે પાણી પીવા આવતાં ખાડામાં પડીને, દુઃખથી તે મરણ પામશે.

આ પ્રમાણે ઠરાવ કરી ત્રણે જણ હાથી પાસે ગયાં, પ્રથમ માખી હાથીના કાનમાં પેશી વીણાના સરખો નાદ કરવા લાગી, એટલે હાથી આનંદમાં પોતાની આંખો મીંચી ગયો; ત્યાર પછી લક્કડખોદે ચાંચવતી તેની બન્ને આંખો ફોડી નાખી, ઉનાળાની રૂતુ હોવાથી હાથીને ઘણી તરસ લાગી, તેથી તે પાણીની શોધ કરતો હતો, તે વખતે દેડકો એક મો-ટા ઉંડા ખાડામાં પેશી ડેંહું ડેંહું કરીને અવાજ કરતો હતો, તે હાથીના સાંભળવામાં આવ્યાથી ત્યાં આગળ

જઈ જેવો પાણીની આશાએ ઉતરવા જાય છે, તેવો તે મોટા ખાડામાં પડયો અને દુઃખથી તેમજ પાણી વિના મરણ પામ્યો.

વાર્તાનો સાર એવો છે કે—નબળા માણસો ઝાઝા હોય તેમની સાથે કદાપિ વેર કરવું નહિ. આ વાર્તામાં તમે જોયું કે, ચાર નબળાં પ્રાણીઓએ એક મોટા હાથીનો પ્રાણ લીધો.



ઘરડો વાંદરો અને તેનું કુટુંબ.

ત્ર્‍ંબાવટી નગરીમાં ચંદ્રસેન નામે એક રાજા હતો, તેણે ઘણાં વાંદરાં પાળેલાં હતાં, તેમાં એક ઘરડો વાંદરો ઘણો ચતુર હતો; વળી તે રાજાએ પોતાના કુંવરને બેસવા સારૂ બે ઘેટાં પાળેલાં હતાં, તે પૈકી એક ઘેટું રસોડામાં જઈ રાંધેલી રસોઇ સુખેથી ખાય; રસોઇઓ તેને હાથવતી ખૂબ મારે પણ તે પેટ ભરાયા સિવાય ત્યાંથી ખસે નહિ. પેલો ઘરડો વાંદરો આ હકિકત જોઇને પોતાના કુટુંબને કહેવા લાગ્યો કે ભાઈ! ઘેટાના અને રસોઇઆના ટંટામાં આપણે કોઇ વખત માર્યા જઇશું. કેમ કે રસોઇઆને કોઇ વખત ઘણી રીસ ચડશે ત્યારે તે ઘેટાને ચુલામાંથી

બળતું લાકડું કાઢીને મારશે, તેથી તેના શરીર ઉપર ઉન છે તે સળગશે, ઉન સળગવાથી ઘેટું ગાભરૂં થઈ પોતાને ઠેકાણે નાશી જશે; એટલે ત્યાં ઘાસની ગંજી છે તે સળગશે, અને ગંજી લાગવાથી ઘોડાનો તબેલો સળગશે, ઘોડાનો તબેલો સળગવાથી ઘોડા પણ દાઝશે, એટલે તેમની દવા કરાવવા સાર રાજા ઘોડાના વૈદ્યને બોલાવશે, તેવખતે વૈદ્યકશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે વૈદ્ય આપણા તેલનું ઓસડ બતાવશે, તે વખતે આપણે માર્યા જઇશું. માટે આ ભયવાળું ઠેકાણું છોડીને જંગલમાં રહેવું વધારે સારૂં છે.

ઘરડા વાંદરાનું આવું વચન સાંભળી બીજાં વાંદરાં કહેવા લાગ્યાં, બાવાજી ! અહીંઆં સારૂ સારા પદાર્થો ખાવાના મૂકીને જંગલનાં ખાટાં અને કડવાં ફળ ખાવાને અમો ત્યાં આવનાર નથી, તે સાંભળી ઘરડો વાંદરો ઘણો દિલગીર થયો અને બોલ્યો, મારાં વચન તમને પાછળથી યાદ આવશે; એમ કહીને તે વાંદરો જંગલમાં ચાલ્યો ગયો, પછી કેટલાક દિવસ થયા પછી ઘરડા વાંદરાના કહેવા પ્રમાણે બન્યું, અને સઘળાં વાંદરાંને ઘાણીની અંદર પીલી તેમનું તેલ કાઢવામાં આવ્યું.*

વાર્તાનો સાર—આપણા કુટુંબમાં જે ઘરડા અને અનુભવી માણસો હોય, તેમની સલાહ પ્રમાણે ચાલવું. વાર્તામાં તમે જોયું કે, ઘરડા વાંદરાનું કહેલું ન કરવાથી સઘળાં વાંદરાં નાશ પામ્યાં.

---

* વાર્તામાં લખ્યા પ્રમાણે કેવા ટંટાથી વાંદરાંને ઘાણીની અંદર પીલી તેમનુ તેલ કાઢવામાં આવ્યું તે શિક્ષકે છોકરાં પાસે કઢાવવું

ઘેટું અને જાત્રાળુ લોક.

દેખાદેખી કામ કરવા કરતાં તે કામ સમજીને કરવું, એ વિષે નીચેની જોડી કાઢેલી વાર્તા યાદ રાખો.

એક વખત ઘણા માણસો જાત્રા કરવા સારૂ કાશી જતા હતા. બપોર થવાથી તેમણે રસ્તામાં એક મોટા વડના ઝાડ નીચે મુકામ કર્યો; ત્યાં એક ભરવાડ ઘેટાંનું ટોળું હાંકી વડની છાયા નીચે બેસારવા આવ્યો. તે ઘેટાં પૈકી એક ઘેટાને નીચલી બાજુએ વાળમાં પરદેશી થોરનો કાંટો ભરાએલો એક માણસે દીઠો, તે જોઇને તેણે વિચાર કર્યો કે, આ ઘેટું બેસશે તે વખતે પેલો કાંટો તેને પેશી જશે અને તે બિચારૂં દુઃખી થશે, એવો વિચાર કરી પેલો કાંટો ખેંચી નાખવા તે ઘેટા પાસે ગયો, કાંટો લેતાં તેની સાથે ચપટીમાં થોડાક વાળ ખેંચાયા તે એક બીજા માણસે જોયું, તેણે વિચાર કર્યો કે બીજાં ઘેટાંના કરતાં આ ઘેટાના વાળમાં કંઈ પણ વશીકરણ હશે; કારણ કે તેમ ન હોય તો આ તમામ ઘેટાં પૈકી એકલા આ ઘેટાના વાળ પેલો માણસ ઉપાડે નહિ. એવો ગાંડો વિચાર કરી તેણે પણ પેલા માણસની પેઠે એક ચપટી ભરી તે ઘેટાના વાળ ઉપાડયા, તેનું જોઇને ત્રીજા માણસે પણ તેમ કર્યું. આ પ્રમાણે તમામ જાત્રાળુ માણસોએ દેખાદેખી એકેક ચપટી ભરી તે

ઘેટાના વાળ ઉપાડી નાખ્યા; છેવટે પેલું બિચારૂં ઘેટું હથેળી જેવું ચોકખું થઈ ગયું, તેના વાળ ઉપાડતી વખતે તેને કેટલું બધું દુઃખ થયું હશે તેનો તમે વિચાર કરો, ભરવાડે આ હકિકત જાણી તેથી તેમને ઘણોજ ઠપકો આપ્યો, જોયું! વગર વિચાર્યું કામ કરવાથી બન્નેને દુઃખ થયું, પણ પેલા માણસે વાળ શું સમજીને ઉપાડયા તેનું કારણ તેમણે તપાસ્યું હોત તો તેમને ઠપકો ખાવાનો પ્રસંગ આવત નહિ.

આ વાર્તામાંથી એવી શિખામણ યાદ રાખવી કે, તમારે પણ દેખાદેખી કામ કરવા કરતાં સમજીને કરવાની ટેવ રાખવી કે જેથી મૂર્ખ બનવાનો પ્રસંગ ન આવે.



પોપટ અને ગુણકા.

ભદ્રાવતી નગરીમાં વીરસેન નામે રાજા રાજ્ય કરતો હતો, તેને એક પુત્ર હતો, પણ તેનામાં રાજ્ય નીતિ બિલકુલ નહોતી, પણ તે રાજાની પાસે એક પોપટ હતો તે ઘણો વિદ્વાન હતો; કારણ કે રાજાએ તેને હમેશાં પોતાની પાસે રાખેલો હોવાથી તે સઘળી રાજ્યનીતિ જાણતો હતો. રાજા મરવાની તે-

ચારીમાં હતા તે વખતે પોતાના કુંવરને અને પોપટને પાસે બોલાવીને કહ્યું કે, હે પુત્ર ! તારામાં રાજ્ય ચલાવવાની બિલકુલ હોંશિઆરી નથી માટે આ પોપટ કહે તે પ્રમાણે તારે રાજ્ય ચલાવવું. અને કદાપિ એ પોપટના તને કોઈ એક લાખ રૂપીઆ આપે તોપણ તું આપીશ નહિ. આ પ્રમાણે શિખામણ આપી રાજા ગુજરી ગયા એટલે તેના મરણ પછી તે કુંવર ગાદી ઉપર બેઠો.

હવે તે શહેરમાં એક ગુણકા રહેતી હતી તેણે વિચાર કર્યો કે, હાલમાં નવા રાજા ગાદી ઉપર બેઠા છે માટે તેમની પાસે નાચ કરી રાજાને પ્રસન્ન કરી સારૂં ઇનામ મેળવું એવો વિચાર કરી પોતાની બે સખીઓ સાથે સતાર, નરઘા, વિગેરે વાજીંત્ર લઈ રાજદ્વારમાં પેશી ગઇ. રાજા આ વખતે કામમાં હતા, તેથી તેને બીજે દિવસે આવવાનું કહેતાં તુરત પોપટ બોલ્યો, હે રાજા ! આ દુષ્ટ ગુણકાને આપણા મહેલમાં કોણે પેસવા દીધી ? એ દુષ્ટાનું તારે શું કામ હતું ? પોપટનાં આવાં વચન સાંભળી રાજા ઘણો શરમાઇ ગયો, અને ગુણકાને રજા આપી.

ગુણકાએ વિચાર કર્યો કે રાજા તો પુતળા જેવો છે. માટે ગમે તેવી રીતે પેલો પોપટ લેવાની યુક્તિ કરૂં. રાજદ્વારમાં પેસવાની તેને બંધી થયેલી હોવાથી બીજી યુક્તિવડે તે રાજા પાસે જવાની તજવીજ

કરવા લાગી. એવામાં રાજા એક વખત સ્વારીમાં નીકળ્યો હતો ત્યાંથી પાછા આવતાં તેણે પોતાના બાગમાં મુકામ કર્યો, તે વખતે ગુણુકા લાગ જોઈ બાગમાં પેશી ગઇ. પોપટ આ વખતે રાજમહેલમાં હતો, તેથી ગુણુકાને સારો લાગ મળ્યો. રાજાની પાસે જઈ તેણે પોતાનો નાચ શરૂ કર્યો, ગુણુકા ગાયનમાં અને નાચ કરવામાં ઘણી હોંશિઆર હતી, તેથી રાજા ઘણો ખુશી થયો અને બોલ્યો, “ જે ઈચ્છા હોય તે માગ્ય,” ગુણુકા બોલી આપનો પોપટ લેવાની મારી ઈચ્છા છે. પોતાના પિતાનું કહેલું વચન રાજાને સાંભરી આવ્યું તેથી બોલ્યો, એ પોપટ વિના જે માગે તે આપું. ગુણુકા બોલી એ પોપટ વિના બીજું કંઇ લેવાની મારી ઈચ્છા નથી. રાજાએ વિચાર કર્યો કે સભામાં મારૂ વચન જાય તે પણ ખોટું, હશે ! મારી બુદ્ધિ પ્રમાણે હું રાજ્ય ચલાવીશ. એવો વિચાર કરી સિપાઈ પાસે પોપટ મંગાવવાનો રાજાએ હુકમ કર્યો, સિપાઇ પોપટ લઈ રાજા પાસે આવ્યો, અને રાજાએ તે પોપટ ગુણુકાને આપી દીવો.

ગુણુકા પોપટ લઈ પોતાને ઘેર આવી અને બોલી, હે દુષ્ટ ! તું મને રાજદ્વારમાં પેસવા દેતો ન હોતો ? એમ કહી તેની પાંખો વિગેરે તોડી નાખી પોપટને નાખી દીધો, ગુણુકાના ઘરની પછવાડે મહાદેવજીનું દેવાલય હતું, અને ત્યાં વચ્ચે ચોકમાં પ-

ત્થરની ફરસબંધી હતી, તે ઉપર પેલો પોપટ મૂર્છા ખાઇને પડયો. પોપટને મૂર્છા ઉતરી એટલે પગવડે ખોડંગતો ખોડંગતો તે મહાદેવજીના દેવળમાં પેઠો, ત્યાં તે ચોખાના દાણા વીણી ખાય, જળાધારીનું પાણી પીએ, અને કદાપિ કોઇ માણસ મહાદેવજીની સેવા કરવા આવે કે તુરત તે બીલીપત્રમાં સંતાઈ જાય. એવી રીતે પોપટને ત્યાં સુખ પડયું. એમ કરતાં છ માસ થયા એટલે પોપટને નવી પાંખો આવી. ગુણકા હમેશાં મહાદેવજીની સેવા કરવા આવતી હતી, તેથી એક દિવસ પોપટ બીલીપત્રમાં સંતાઇ રહીને બોલ્યો, હે ગુણકા ! તેં મારી ઘણી સેવા કરી છે; માટે કાલે તને સ્વર્ગમાં લઈ જવાની મારી ઈચ્છા છે, પરંતુ તુ ઘણી રૂપાળી હોવાથી લોકો તને ઘણી વખાણે છે, માટે જે અવયવોથી તું રૂપાળી દેખાય છે, તે અવયવો એટલે નાક, અને કાન કાપી માથાના વાળ ઉતારી ચૂનો ચોપડી, કાલે તું ગધેડા ઉપર બેશી શહેરમાં ફરે તો લોકો તારી પાછળ તાળી પાડી મશ્કરી કરશે એટલે તારૂં કરેલું પાપ નિવારણ થશે; અને ત્યાર પછી તું મારી પાસે આવજે એટલે હું તને વૈમાનમાં બેસારી સ્વર્ગમાં લઈ જઇશ. ગુણકાએ વિચાર કર્યો કે, કોઈ માણસ અહીંઆં નથી માટે મારા ઉપર મહાદેવજી જરૂર પ્રસન્ન થયા, તેથી તેમના કહેવા પ્રમાણે કરી સ્વર્ગની પ્રાપ્તી કરી લઊં, એવો

વિચાર કરી બીજે દિવસે નાક, કાન કાપી માથાના વાળ ઉતારી ચૂનો ચોપડી ગધેડા ઉપર બેશી શહેરમાં ફરી કે તમામ લોકોએ તેની પાછળ પુષ્કળ તાળીઓ પાડી, અને પછી તે મહાદેવજીના દેવળમાં ગઇ, પોપટ તે વખતે બહાર નીકળી દેવળના શીખર ઉપર બેઠો હતો, ગુણુકાને આવતી જોઇને પોપટ બોલ્યો, હે દુષ્ટ ગુણુકા ! તું વૈમાન લેવા આવી કે ? તું સમજી નહિ ? તારા જેવી દુષ્ટાઓને તો સ્વર્ગનું વૈમાન કયાંથી હોય ! તારે તો નર્કનુંજ વૈમાન જોઇએ અને તે પ્રમાણે મેં તને આપ્યું, તેં બીન અપરાધે મારી પાંખો તોડી તો મેં તારી આખી જીંદગી ખરાબ કરી, એટલું કહી પોપટ ત્યાંથી ઉડી રાજદ્વારમાં ગયો, અને ગુણુકા લજ્જીતપણે પોતાને ઘેર પાછી આવી.

વાર્તાનો સારઃ—“ કરે તેવું પામે ” એ કહેવત બરાબર છે. વાર્તામાં તમે જોયું કે ગુણુકાનાં કર્યાં ગુણુકાનેજ હૈયે વાગ્યાં. માટે સંસારમાં તમે જેવું કામ કરશો તેવું ફળ પામશો એ વાત યાદ રાખો.



મચ્છ અને ગરૂડજી.

શ્રી રામચંદ્રજીએ લંકા જીતી રાવણને માર્યો, તે વખતે લક્ષ્મણજીએ કહ્યું કે, હે રામચંદ્રજી ! મારે લંકાનગરી જોવાની ઘણી ઇચ્છા છે. રામચંદ્રજીએ કહ્યું હે લક્ષ્મણજી ! તમે કદાપિ લંકાનગરીમાં જાઓ તો ત્યાં રાવણના રાજદ્વારમાં જશો નહિ, કદાપિ રાજદ્વારમાં જાઓ, તો રાવણનું સિંહાસન જોશો નહિ; કદાપિ રાવણનું સિંહાસન જુઓ તો તે ઉપર પગ મૂકશો નહિ, મોટા ભાઇનો હુકમ માથે ચડાવી કેટલાક અનુચર લઇ લક્ષ્મણજી લંકા નગરીમાં ગયા, અને ત્યાંની તમામ શોભા જોઈ પોતે ઘણા ખુશી થયા. ત્યાર પછી રાવણનું રાજદ્વાર જોવાનું મન થયું, રાજદ્વારમાં ગયા તો ત્યાં પણ અધિક શોભા જોઈ; તેથી રાવણનું સિંહાસન જોવાનું મન થયું, રાવણનું દિવ્ય સિંહાસન જોઈ લક્ષ્મણજી મોહ પામ્યા, અને તે ઉપર બેસવાનું મન થયું; લક્ષ્મણજી સિંહાસન ઉપર જેવા બેસવા જાય છે કે તુરત, મારો ! કાપો, ! એવા અપશબ્દો નીકળ્યા, એટલે અનુચર લોકોએ તેમને પાછા ખેંચી લીધા. પોતાના મુખમાંથી ખોટા શબ્દ નીકળવાથી, લક્ષ્મણજી ઘણા શોકાતુર થયા, અને રામચંદ્રજી પાસે આવી માફી માગવા લાગ્યા. રામ-

ચંદ્રજીએ કહ્યું હે લક્ષ્મણજી! એમાં કંઇ તમારો દોષ નથી, પણ એ જગ્યાનુંજ મહાત્મ એવું છે, માટે તે તમે લક્ષપૂર્વક સાંભળો.

એકવાર વનિતાના પુત્ર ગરૂડજીને અહંકાર થયો કે, હું જો કદાપિ ન હોત તો વિષ્ણુ ભગવાન શેનું વાહન કરત ? એવો વિચાર કરતા સમુદ્રને કાંઠે બેઠા, તેવામાં સમુદ્રમાં ભરતી આવી તેમાં એક મોટો મચ્છ તણાઇ આવ્યો, ભરતી ઉતરી ગયા પછી પેલો મચ્છ જમીન ઉપર પડયો રહ્યો; તે જોઈ ગરૂડજીને તેનું ભક્ષ કરવાનું મન થયું. એટલે પેલો મચ્છ પોતાની ચાંચમાં ઘાલીને ઉડયા, ઉડતાં ઉડતાં વિચાર કર્યો કે, હું કયાં બેશીને ખાઇશ ! કારણ કે મારો અને આ મચ્છનો ભાર ઝીલે એવું ઠેકાણું જોઇશે. ફરતાં ફરતાં એક મોટો જંગી વડ આવ્યો, તેની નીચે ઘણા મુનિ લોકો તપ કરતા હતા, તે વડની એક ડાળ ઘણી મોટી હતી તે ઉપર બેઠા કે વડની ડાળ ભાગી. મુનિ લોકો ચગદાઇ મરવાથી પોતાને હત્યા લાગશે એવો વિચાર કરી તે વડની ડાળ પણ પોતાની ચાંચમાં ઘાલી અને ત્યાંથી ઉડયા, ફરતાં ફરતાં સોનાનો મેરૂપર્વત આવ્યો, તેના શિખર ઉપર બેશી ખાવાનો વિચાર કર્યો. શિખર ઉપર બેઠા કે શિખર પણ ભાગ્યું, ત્યાં પણ મુનિ લોકો તપ કરતા હતા. તેથી તે ચગદાઈ મરશે એવા હેતુથી શિખર પણ

પોતાની ચાંચમાં ઘાલ્યું; આવી રીતે ભાર ઘણો વધી જવાથી ગરૂડજી ઘણા અકળાયા, ફરતાં ફરતાં જે ઠેકાણે હાલમાં લંકા નગરી છે તે ઠેકાણે ગરૂડજીનો ભાઈ* અરૂણજી સૂર્યનારાયણનો રથ હાંકતો સામો મળ્યો, તેણે પૂછ્યું હે ગરૂડ ! તું કયાં ફરે છે ? ગરૂડજીએ કહ્યું, ભાઈ ! મારે આ મચ્છનું ભક્ષણ કરવું છે; માટે આટલો બધો ભાર ઝીલે તેવું ઠેકાણું શોધવા નીકળ્યો છું, પણ તેવું ઠેકાણું મને મળતું નથી, તેજ વખતે અરૂણે પોતાની પાસે પરોણો હતો, તે હાથના ઠુંઠામાં ઘાલીને કહ્યું, ભાઇ ! આ પરોણા ઉપર બેશીને ખા, ગરૂડજી જેવા પરોણા ઉપર બેઠા કે પરોણો નીચો ન નમતાં ટટાર થયો, એટલે ગરૂડજીનો અહંકાર તુરત ઉતરી ગયો. હવે ગરૂડજીએ તે જગા ઉપર પેલો મચ્છ ખાઈ તેનાં હાડકાં નાખ્યાં, હાડકાં ઉપર વડની ડાળ નાખી; અને તે ડાળ ઉપર સોનાનું શિખર નાખ્યું, જેથી તે જગાએ સોનાની લંકા નગરી થઈ. હવે તે હાડકાં ઉપર રાવણનું સિંહાસન થવાથી રાવણની બુદ્ધિ ભ્રષ્ટ થતી હતી. બાકી રાવણ તો મારો પરમભકત હતો, એ પ્રમાણે તે જગોનું મહાત્મ્ય શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણને સમજાવ્યું.

---

* એ અરૂણ હાથે ઠુંઠા હતા, અને તેમને વાયુનો આજાર હોવાથી ગરમીને સારૂ સૂર્યનારાયણનો રથ હાંકવો પસંદ કર્યો હતો.

"શેરને માથે સવાશેર હોય" એ કહેવત ખરી છે. વાર્તામાં તમે જોયું કે, ગરૂડજીએ અહંકાર કર્યો, તો એક નજીવી બાબતથી પ્રભુએ તેનો અહંકાર ઉતાર્યો, માટે અહંકાર કદી કરશો નહિ. તેમજ તેની સાથે લંકા નગરીની ઉત્પત્તિ વિષે તમને જે જ્ઞાન થયું, તે પણ ભુલતા નહિ.



વાઘ અને રજપુત.

નર્મદા નદીને કાંઠે ઝણોર ગામ છે, ત્યાં નદી કાંઠે એક રજપૂત પોતાના જુવારના ખેતરમાં ઉંચા માળા ઉપર બેઠો હતો, રાત્રી અજવાળી હતી, તે વખતે કોતરમાંથી એક વાઘ નદીમાં પાણી પીવા સારૂ આવ્યો. નજીકમાં મગર હતો તેણે પેલા વાઘને પકડી પાણીમાં ખેંચ્યો. આ સઘળી બીના પેલો રજપૂત માળા ઉપર બેશી જોતો હતો. વાઘ જેવા પ્રાણીને મગરે પાણીમાં ખેંચેલો જોઈ, "ભલી તાણી,

ાલી તાણી" એમ કહી પેલા રજપૂતે તાળી પાડી, વાઘ સમજ્યો કે મારી મશ્કરી થઈ, તેથી ક્રોધા-યમાન થઇ વાઘે એવી તલપ મારી કે, તે મગરને લઇ કાંઠે આવીને પડ્યો. મગર વાઘને મૂકી દઈ પાણીમાં પેશી ગયો. પરંતુ વાઘે વેર લેવાની એવી યુક્તિ કરી કે, કોતરમાંથી કોઈ જાનવર મારી લાવી, તેના માં-સના લોચા પાણીના કીનારેથી થોડે દૂર મૂકતાં મૂ-કતાં વાઘે પોતાની બોડ સુધી મૂક્યા, અને પછી પોતે સૂઈ ગયો. હવે મગરને માંસની વાસ આવવાથી પાણીની બહાર આવી એક માંસનો લોચો ખાધો, ત્યાંથી આગળ ચાલી બીજો ખાધો; વળી ત્રીજો ખાધો, એ પ્રમાણે ખાતો ખાતો મગર વાઘની બોડ સુધી ગયો.

રજપૂત આ સઘળી બીના જોતો હતો; તેણે વિ-ચાર કર્યો કે, વાઘે મગરને મારવાની યુક્તિ કરી માટે તેને મારી નાખી મારૂં પણ વેર લેશે; કારણ કે મેં પણ વાઘની મશ્કરી કરી છે.

મગર માંસના લોચા ખાતો ખાતો વાઘની બોડ નજીક ગયો કે, તુરત વાઘે બહાર આવી મગરને ઉંધો નાખી તેને ચીરીને મારી નાખ્યો; એટલે પેલો રજપૂત છાનો માનો નજીકમાં પોતાનું ઘર હતું ત્યાં નાશી ગયો. ઘેર ગયા પછી તેની સ્ત્રીએ પૂછ્યું. તમે કેમ ધ્રુજો છો ? રજપૂતે કહ્યું વાઘની મેં મશ્કરી કરી

છે તેથી તે મારી પાછળ પડયો છે. તેની સ્ત્રીએ કહ્યું, તમે સુખેથી ઘરમાં સૂઈ જાઓ અને હું દીવાબત્તી સળગાવી જાગતી બેશી રહીશ.

મગરને મારી નાખ્યા પછી વાઘ એક કૂદકો મારી નદીને સામે કાંઠે આવ્યો, અને ત્યાંથી બીજી તલપે રજપુતના માળા ઉપર ગયો; પણ ત્યાં તેને દીઠા નહિ. તેથી તેનાં પગલાં જોતા જોતા તે રજપુતના ઘર આગળ આવ્યો. પરંતુ તેનું બારણું બંધ હોવાથી તે વાઘ આખી રાત બારણા નજીક છાનો માનો બેશી રહ્યો. ચંદ્રમા અસ્ત થયો તે વખતે પેલી સ્ત્રીએ વિચાર કર્યો કે, સવાર થવા આવ્યું માટે ઢોરને ચારો નાખું, એવો વિચાર કરી પોતાનું બારણું થોડું ઉઘાડું મૂકી જેવી બહાર આવી કે તુરત વાઘે ઘરમાં પેશી પેલા રજપુતનું ગળું ચૂસી નાખી બહાર નીકળી ચાલતો થયો. રજપુતાણી ઢોરને ચારો નાખી ઘરમાં આવી તો પોતાના ધણીને મરી ગયેલો જોઈ પોકે પોક મૂકીને રોઈ.

આ વાર્તામાંથી તમારે એટલી શિખામણ લેવી કે, કોઈની મશ્કરી કરવામાં સાર નથી કેમ કે વાઘની મશ્કરી કરનાર પેલા રજપુતની કેવી દશા થઈ તે જોયું ?

બકરો અને વાઘ.

એક મોટા જંગલમાં નદી વહેતી હતી, ત્યાં એક બકરો પાણી પીતો હતો. સામી બાજુએ નદીના કાંઠા ઉપર એક વાઘ આવીને ઉભો; બકરો ઘણો ઉંચો હતો, તેના શરીર ઉપર વાળનો ભરાવો પુષ્કળ હતો; તેનાં શીંગડાં પણ ઘણાં મોટાં હતાં, તેમ તેની દાઢીના વાળ ઘણા લાંબા હોવાથી એકેક હાથ જેટલા નીચા લટકતા હતા. આવી રીતનું બીહામણું રૂપ જોઇને બકરાને મારવાની વાઘની હીંમત ચાલી નહિ. પાણી પી રહ્યા પછી બકરે સામું જોયું તો કાંઠા ઉપર વાઘ ઉભેલો દીઠો, બકરો સમજી ગયો કે વાઘ મારાથી ડર્યો છે, માટે તેને સતાવું; એવો વિચાર કરી બકરો બોલ્યો. હે દુષ્ટ ! મારા જંગલના રાજ્યમાં તું કયાંથી ? હજુ તને મારી શક્તિનું ભાન નથી ? મેં તારા જેવા વાઘ અને સિંહ ઘણા મારી નાખ્યા છે. ઉભો રહે લુચ્ચા ? બકરાનું આવું બોલવું સાંભળી વાઘ થરથર ધ્રૂજવા લાગ્યો અને બોલ્યો, મહારાજ ! મારો આટલો ગુન્હો માફ કરો. આપ મને મારી નાખશો તો મારાં બાળ બચ્ચાં ટળવળી મરી જશે. બકરાને સામે કાંઠે જવાનો વિચાર હતો; પણ નદીમાં પાણી વધારે હોવાથી તેનાથી જઈ શકાય તેમ નહોતું, માટે પોતાનું કામ પ્રપંચથી સાધી લે-

વાની બકરે યુક્તિ કરી. બકરો બોલ્યો, હે દુષ્ટ ! તારી ઉપર દયા લાવી આટલો ગુન્હો માફ કરૂં છું, પણ હું આખા વનનો રાજા છું. માટે મને તારા વાંસા ઉપર બેસારી સામે કાંઠે લઇ જા.

વાઘ બીચારો ગમે તેવી યુક્તિ કરી છૂટવાનો મનસુબો કરતો હતો; તેથી તેણે આ વાત કબૂલ કરી. વાઘ ત્યાંથી તલપ મારી આ તરફ આવી બકરાને પોતાના વાંસા ઉપર બેસારી સામે કાંઠે લઇ ગયો, બકરો વાઘ ઉપરથી નીચો ઉતરીને બોલ્યો, જો દુષ્ટ ! રસ્તામાં કોઇને કંઇ પણ વાત કરીશ કે પાછો વળીને મારા સામું જોઇશ તો તને મારી નાખીશ, પછી તું ગમે તેવા કાલાવાલા કરશે પણ હું તને છોડનાર નથી. વાઘ તે વાત કબુલ કરી ત્યાંથી નાઠો તે પોતાની બોડમાં સંતાઈ ગયો, વાઘને ધ્રૂજતો જોઇ વાઘણ બોલી, સ્વામિયાથ ! આપ કેમ ધ્રૂજો છો ? વાઘ બોલ્યો, આજ હું કાળના મોંઢામાંથી છુટયો છું માટે તું મને તે સંબંધી કશી વાત કરીશ નહિ; વાઘણ બોલી સ્વામિનાથ ! સિંહ વિના બીજું એકે પ્રાણી બળવાન નથી તો શું આપને કોઇ સિંહ મળ્યો ? વાઘ બોલ્યો, ના રે ! ના ! એ તો સિંહ કરતાં બહુ જબરો હતો, તેણે કહ્યું, મેં સિંહ અને વાઘ ઘણા મારી નાખ્યા છે. વાઘણ બોલી એવા જબરા પ્રાણીની મને કંઇ નીશાની આપશો ? અગર તે જાનવર મને બતાવશો ? વાઘ બોલ્યો મેં સોગન ખાધા છે માટે

હું આવનાર નથી, પણ એટલી નીશાની આપું છું કે, તેને લાંબી દાઢી અને મોટાં મોટાં શિંગડાં હતાં. વાઘણ બોલી સ્વામિનાથ! એ તો બકરૂં. તમે આવા જબરા થઈને એક બકરાથી કેમ બીન્યા? વાઘ બોલ્યો. બકરાને હું ઓળખું છું, એ તો બકરા કરતાં પણ મોટો હતો, વાઘણ બોલી હું આગળ ચાલું અને તમે મારી પાછળ પાછળ આવી તે કઈ દિશામાં ગયો તે મને બતાવશો? વાઘે તે પ્રમાણે કરવાનું હા કહી, તેની પાછળ પાછળ ચાલ્યો. નદી કાંઠો આવ્યો ત્યારે વાઘ બોલ્યો, જો એનાં પગલાં! વાઘણે જોયું તો બકરાનાં પગલાં દીઠાં. ત્યાંથી બન્ને આગળ ચાલ્યાં એટલે થોડે દુર બકરો એક જાળામાં બ, બ, બ, બ, કરી પાંદડાં વીણી ખાતો હતો, વાઘે ઇશારત કરી તેને બતાવ્યો, એટલે વાઘણે એક તલપે બકરાને મારી વાઘ પાસે લાવીને નાખ્યો, વાઘણ બોલી સ્વામિનાથ! આ બકરૂં નહિ તો બીજું શું? વાઘે તે વાત કબુલ કરી અને પોતાની સ્ત્રીને ઘણી શાબાશી આપી.

છોકરાઓ! પ્રપંચ કરવાથી શું પરિણામ આવ્યું તે તમે સમજ્યા? બકરાએ પ્રપંચ કરી વાઘને છેતર્યો તો પણ આખરે તેનું મોત થયું, માટે પ્રપંચ કરવો છોડી દો.

મહાદેવજી અને દક્ષ પ્રજાપતિ

એક વખત બ્રહ્માને ત્યાં સર્વ દેવ માત્રની સભા થઈ, તેમાં મહાદેવજી પણ આવ્યા હતા, થોડીવાર પછી મહાદેવજીના સસરા દક્ષ પ્રજાપતિ પણ સભામાં આવ્યા, એટલે બીજા દેવોએ ઉભા થઇ તેમને માન આપ્યું, પણ મહાદેવજી ઉઠ્યા નહિ. એ ઉપરથી દક્ષે પોતાનું અપમાન થયેલું જાણી, ક્રોધથી મહાદેવજીને કહેવા લાગ્યા, હે જોગટા ! તું નાગો, ભંગી, મશાણવાશી, તને મારી કન્યા મેં કયાં આપી ? એવાં કઠોર વચન કહી મહાદેવજીનું અપમાન કર્યું, એટલુંજ નહિ, પણ વળી શ્રાપ દીધો કે યજ્ઞમાં તને કોઈ ભાગ આપશે નહિ.

પોતાના આપેલા શ્રાપ પ્રમાણે સૌ વર્તે તે માટે દક્ષે પોતાને ત્યાં યજ્ઞ શરૂ કર્યો, યજ્ઞમાં આચાર્યનું પદ ભ્રગુ ઋષિને આપવામાં આવ્યું હતું, યજ્ઞમાં સર્વ દેવ તથા ઋષિ લોકોને બોલાવ્યા હતા, પણ પોતાના જમાઈ મહાદેવજી તથા પાર્વતીને દક્ષે બોલાવ્યાં નહિ.

શિવ પાર્વતી કૈલાસમાં બેઠાં હતાં અને દેવલોક વૈમાનમાં બેશી આકાશ માર્ગે દક્ષને ત્યાં જતા હતા, તે વખતે પાર્વતીએ પૂછ્યું, હે શંકર ! આ

સઘળા દેવો ક્યાં જાય છે? મહાદેવજીએ કહ્યું, તારો બાપ મારૂં થાપન કાઢી નાંખવા યજ્ઞ કરે છે. ત્યાં આ તમામ દેવો જાય છે; આપણને બોલાવ્યાં નથી માટે આપણાથી ત્યાં જવાય નહિ. સ્ત્રી જાતિ ઘણી હઠીલી હોય છે તે પ્રમાણે મહાદેવજીએ ના કહ્યા છતાં પણ પાર્વતી જવા સારૂ તૈયાર થયાં છેવટે મહાદેવજીએ કહ્યું કે; તમે ત્યાં જશો પણ સારૂં ફળ આવશે નહિ, તો પણ પાર્વતી શિવના કેટલાક ગણ લઇ યજ્ઞમાં ગયાં, ત્યાં દક્ષે તેમને બોલાવ્યાં નહિ, એટલુંજ નહિ પણ તેમને જોઇ પોતાનું મોં ફેરવ્યું, તેથી તે સતીને ક્રોધ ચડયો, અને પોતાના બાપના યજ્ઞકુંડમાં પડીને બળી મુઆં.

(તેને બીજે અવતાર પાર્વતી હિમાચળને ત્યાં અવતર્યાં અને પાછાં મહાદેવજીને વર્યાં.)

શિવના ગણ બખેડો કરશે, એમ જાણી ભ્રગુ ઋષિએ યજ્ઞકુંડમાંથી બે પુરૂષ પેદા કર્યા, તેમણે શિવના ગણને હાંકી કાઢયા. એ હકિકત મહાદેવજીએ કૈલાસમાં સાંભળી, એટલે ક્રોધાયમાનથઇ પોતાની જટા પૃથ્વી ઉપર પછાડી તેમાંથી ભૂત, પ્રેત, વિરભદ્ર, વિગેરે ઉત્પન્ન કર્યા, તે શિવની આજ્ઞા લઈ યજ્ઞશાળામાં ગયા. તેમણે દક્ષનું શિર કાપી નાખ્યું તેમજ ભ્રગુ ઋષિની દાઢી પણ તોડી નાખી, અને સભામાં બેઠેલા દેવ

તથા ઋષિ લોકોને માર મારી તેમનાં અંગ ભાગી નાખ્યાં. બ્રહ્મા અને વિષ્ણુ આ હકિકત જાણુતા હોવાથી તે યજ્ઞમાં આવ્યા નહોતા. પછી બ્રહ્મા અને ઋષિ લોકોએ મહાદેવજીની સ્તુતિ કરી ત્યારે શિવ યજ્ઞશાળામાં ગયા, ત્યાં દક્ષને સજીવન કરવા તેમને વિનંતિ કરી ત્યારે મહાદેવજીએ કહ્યુ કે, અહીંથી જતાં પ્રથમ જે પ્રાણી આવે તેનું માથું કાપી લાવો. તે પ્રમાણે જતાં પ્રથમ બકરો સામો મળ્યો, તેથી તેનું માથું કાપી લાવી મહાદેવજીને આપ્યું, બકરાની દાઢીના વાળ ભ્રગુઋષિની દાઢીને ચોંટાડયા, અને બકરાનું ડોકું દક્ષના ધડને ચોટાડી સજીવન કર્યો, એટલે સર્વ મળી મહાદેવજીની સ્તુતિ કરવા લાગ્યા.

છોકરાઓ! મહાદેવજી ઘણા જબરા હતા તે તેમના સસરા દક્ષપ્રજાપતિ જાણુતા હતા છતાં તેમની સાથે વેર બાંધવાથી તેમની કેવી દશા થઈ તે જોયું? માટે આપણાથી જે બળીઆ હોય તેની સાથે બાથ ભરવી નહિ.

દેશળ અને વિશળ.

ગુજરાતમાં સિદ્ધરાજ જયસિંહ રાજા રાજ્ય કરતો હતો. તેને દેશળ અને વિશળ નામે બે ભત્રિજા હતા, અને તે જુનાગઢના રાજા રાયખેંગારના ભાણેજ થાય. સિદ્ધરાજે તે બન્નેને મારીને કાઢી મૂકયા, ત્યારે તેઓ પોતાના મામાને ત્યાં જઇને રહ્યા, અને વિદ્યાભ્યાસ પણ ત્યાં રહીને કરવા લાગ્યા. ત્યારપછી કેટલીક મૂહતે સિદ્ધરાજને પરણુવા સારૂ લાયક કન્યાની તજવીજ શરૂ થઇ, તે વખતે તપાસ કરતાં જુનાગઢમાં એક કુંભારને ત્યાં રાણેકદેવી નામે ઘણી ખૂબસુરત કન્યા મળી આવી, તે સમાચાર સિદ્ધરાજને મળતાં પોતે રાણેકદેવીને પરણુવાનો વિચાર કર્યો, પણ ત્યાર પહેલાં જુનાગઢનો રાણો રાયખેંગાર તેને પરણી બેઠો, આ સમાચાર સિદ્ધરાજે સાંભળ્યા, એટલે પોતે મોટું લશ્કર લઇ ખેંગારને સજા કરવા જુનાગઢ ઉપર ચડાઇ કરી, અને તે શહેરને ઘેરો ઘાલ્યો, એ ઘેરો બાર વરસ સુધી રહ્યો, પણ જુનાગઢમાં પેસવાનો સિદ્ધરાજને રસ્તો જડયો નહિ, દેશળ અને વિશળ પોતાના મામાને ત્યાં જુનાગઢમાં આવીને રહેલા છે, તે વાત તમે જાણો છો. તેમને વિચાર થયો કે આપણા કાકા ઘણા દિવસથી અહીં

આવ્યા છે, માટે ચાલો તેમને મળવા જઇએ. એવો વિચાર કરી પોતે રાત્રિને વિષે છાના માના જુનાગઢમાંથી બહાર નીકળી સિદ્ધરાજને મળ્યા. સિદ્ધરાજે કહ્યું; છોકરાઓ! ધિક્કાર છે તમને! કે હું અહીં બાર વરસથી આવ્યો છું. છતાં તમે મારી બિલકૂલ બરદાસ રાખતા નથી, જો તમે જુનાગઢમાં પેસવાનો મને રસ્તો બતાવશો તો હું તમને અરધનું રાજ્ય આપીશ. આ પ્રમાણે લાલચ આપી તેમને ફોડયા, તેથી ખેંગારના ભાણેજોએ સિદ્ધરાજને જુનાગઢમાં દાખલ કર્યો, ત્યાં ઘણી મોટી લડાઇ થઈ તેમાં ખેંગાર છેવટે હાર્યો, પકડાયો, અને માર્યો ગયો.

જુનાગઢ જીત્યા પછી સિદ્ધરાજે તમામ અમીર ઉમરાવોની સભા કરી, તેમાં દેશળ અને વિશળને પણ બોલાવ્યા હતા. સિદ્ધરાજે તેમને સભા વચ્ચે બોલાવી હુકમ કર્યો કે, એક ચંડાળની પાસે એ બન્ને છોકરાઓનાં શિર કપાવી નાખો, છોકરાઓ આશ્ચર્ય પામીને બોલ્યા, કાકા! તમે અમને અરધનું રાજ્ય આપવાનું વચન આપી આ શું કરો છો? સિદ્ધરાજે કહ્યું, તે વાત ખરી, પણ જ્યારે તમારા મામાએ તમને ઉછેરીને મોટા કર્યા, ત્યારે તમે નીમકહરામી થઈ તેને મારી પાસે મરાવી નાખ્યો, ત્યારે તમે મને પણ કોઈ દિવસ દગો કરી કેમ ન મરાવો? માટે આવી બાબતમાં દુનિયા દાખલો લે તે માટે તમારાં શિર ઉડાવી દેવાં એ ઘણું સારૂં કામ છે, એમ કહી એક ચંડાળની પાસે તેમનાં શિર કપાવી નાખ્યાં.

છોકરાઓ ! આ વાર્તામાંથી તમે સમજ્યા હશો કે, લાલચ એ ઘણી બૂરી ચીજ છે. દેશળ અને વિશળે લાલચમાં લપટાઇ પોતાના મામને મરાવ્યો, તો તેમની પણ છેવટે તેવીજ દશા થઇ. માટે લાલચમાં કદી લપટાશો નહિ.

ભક્તરાજ હનુમાનજી.

પંચવટીમાંથી રાવણ બાવાને વેષે સીતાનું હરણ કરી લંકામાં ગયો, ત્યાર પછી સીતાજીની શોધ કરવા હનુમાન, નળ, નીલ, વિગેરે કેટલાક વાંદરો નીકળ્યા. પરંતુ હનુમાનજીએ લંકામાં અશોક વનમાં જઇ સીતાજીની શોધ મેળવી; અને ત્યાંથી પાછા આવી રામચંદ્રજીને સરવે હકિકત કહી. ત્યાર પછી રાવણને સમજાવી સીતાજીને પાછાં આપવા સમજુત કરવાને માટે રામચંદ્રજીએ અંગદને મોકલ્યો. પણ રાવણે તેને તિરસ્કાર કર્યો, છેવટે રામચંદ્રજી લંકા ઉપર ચડાઈ કરવા પોતાનું સૈન્ય લઈ સમુદ્ર તીરે આવ્યા. હવે પાણીમાં પોતાનું સૈન્ય શી રીતે ઉતારવું તે બાબત રામચંદ્રજી વિચાર કરતા હતા, તે વખતે આકાશ વાણી થઇ કે, તમારા સૈન્યમાં નળ નામનો વાંદર છે તેને હાથે પત્થર તરે છે. એ નળ વાંદરને હાથે પત્થર તરવાનું કારણ એ હતું કે, ઋષિ

લોકોના શાળીગ્રામ તે વાંદર ચોરી જઇ સમુદ્રમાં નાખી દેતો હતો, જેથી ઋષિ લોકોને તે શોધવા પડતા હોવાથી તેમણે શ્રાપ દીધો કે, "જા વાંદર તારે હાથે પત્થર તરશે." ત્યાર પછી તે વાંદર શાળીગ્રામ ચોરી જઈ સમુદ્રમાં નાખે પણ તે તરતા હોવાથી ઋષિ લોકો તેમને પાછા લાવતા.

આકાશ વાણી થયા પ્રમાણે રામચંદ્રજીએ નળ વાંદરને પોતાની પાસે બોલાવ્યો, અને બીજા વાંદરો પાસે પત્થર મંગાવી તેની પાસે લંકા અને હિંદુસ્તાન વચ્ચે દરિઆમાં જે પાળ બંધાવી તેને "રામનો સેતુ" કહે છે. તે પાળ ઉપર થઇ રામચંદ્રજી લંકામાં દાખલ થયા. ત્યાં મોટું ભયંકર યુદ્ધ થયું, અને તે યુદ્ધમાં રાવણ મરાયો.

લંકા જીતીને રામચંદ્રજી પાછા આવ્યા, અને સેતબિંદુ રામેશ્વરથી ત્રણ માઈલ દુર દરિઆ તરફ મુકામ નાખ્યો એ જગ્યાને "રામ જરૂખો" કહે છે.

राम जरुखे बैठके, सबका मजरा लेत;
जेसी जीनकी चाकरी, एसा इनकु देत.

જરૂખા ઉપર બેશી રામચંદ્રજી પોતાના યોદ્ધાઓને ઇનામ આપવા લાગ્યા. વિભિષણને લંકાનું રાજ્ય આપ્યું, સૂગ્રીવને વાળીનું રાજ્ય આપ્યું, તેમજ નળ, નીલ, જાંબુવાન વિગેરેને પણ ઇનામો આપ્યાં. પણ હનુમાનજીને કંઈ પણ ઇનામ આપ્યું

નહિ. ત્યાંથી દરેક સીતાજીની પાસે ગયા, તો તેમણે પણ પોતાની ઇચ્છા પ્રમાણે તે દરેકને યોગ્ય ઇનામો આપ્યાં. હવે હનુમાનજીની પાસે કંઈ પણ ઈનામ ન હોવાથી સીતાજીને વિચાર થયો કે, હનુમાનજીએ આટલું બધું પરાક્રમ કર્યું, પણ તેમને કંઈ ઈનામ મળ્યું નહિ; માટે પોતાની કોટમાં એક એવો અ-મુલ્ય હાર હતો કે, જેની કીંમત આખી પૃથ્વીની સમૃદ્ધિ બરાબર થાય એવો કીંમતી હાર સીતાજીએ હનુમાનજીના ગળામાં નાખ્યો. હનુમાનજી તે હાર લઈ દૂર બેઠા, અને તેમાંના મણકા તોડી દાંતવડે ભાગી નાખવા લાગ્યા. આ જોઇ બીજા વાંદરો બોલ્યા કે, હનુમાનજી ! આ શું કરો છો ? આપણી જાત વાંદર કહેવાય છે, તે વાત ખરી છે. કારણ કે આવા કિંમતી હારના મણકા તમે ભાગી નાખો છો. હનુમાનજીએ કહ્યું, એ હાર મારી છાતી ઉપર રહેવાનો, અને રામ નામ વિના હું બીજું કંઇ મારી છાતી ઉપર રાખતો નથી. માટે મણકામાં રામ નામ નીકળતું ન હોવાથી તેને હું ભાગીને નાખી દઉં છું, આવું સાંભળી બીજા વાંદરો બોલ્યા કે, શું ? તમે તો તમારી છાતીની અં-દર રામને રાખતા હશો ! હનુમાનજીએ કહ્યું. હા, એમ કહી નખવડે પોતાની છાતી ચીરો તો અંદરના ભાગમાં રામ, લક્ષ્મણ, સીતાજી સર્વે બીરાજમાન થયેલાં દીઠાં. એટલે તમામ વાંદરો હનુમાનજીની સ્તુતિ કરવા લાગ્યા. ધન્ય છે હનુમાનજીની ભક્તિને !

છોકરાઓ ! હનુમાનજીના જેવી ભક્તિ આપણાથી થઈ શકવી અશક્ય છે; તો પણ પ્રભુની હમેશાં ખરા દિલથી ભક્તિ કરો જેથી ઈશ્વર તમને સારી બુદ્ધિ આપે અને તમારાં પાપ નાશ થાશ.



બ્રાહ્મણ અને બોલતો શંખ.

એક બ્રાહ્મણ ઘણો ગરીબ સ્થિતિનો હતો, પણ તેની પાસે સામુદ્રિક વિદ્યા હતી, તેણે વિચાર કર્યો કે, હું કોની પાસે ભીક્ષા માગું તો મારૂં દરિદ્ર જાય, રાજા પાસે ભીક્ષા માગીશ તો વખતે બસો ત્રણસો રૂપીઆ આપશે, તોપણ મારે ભીખ માગવી ઉભી રહેશે. માટે સમુદ્ર પાસે ભીક્ષા માગું તો મારૂં દરિદ્ર

જાય. એવો વિચાર કરી બીજે દિવસે પોતે સમુદ્ર પાસે ભીક્ષા માગવા ચાલ્યો. હવે સમુદ્ર પણ તેની પરીક્ષા કરવા સારૂ રસ્તામાં બ્રાહ્મણને વેષે આવીને બેઠો, ભીક્ષા માગનાર બ્રાહ્મણ ત્યાં આવ્યો એટલે સમુદ્ર બોલ્યો, મહારાજ કયાં જાઓ છો ? બ્રાહ્મણે કહ્યું. ભાઈ, હું સમુદ્ર પાસે ભીક્ષા માગવા જાઉં છું, સમુદ્ર બોલ્યો, આવી દુષ્ટ બુદ્ધિ તને કોણે આપી? એ સમુદ્ર તને શું આપનારો છે ! તું વિચાર કર કે, એનું પાણી પણ પીવાના કામમાં આવતું નથી, તેમજ તેનામાં મોટા મોટા મચ્છ, મગર, અને માછલાં વિના બીજું કંઇ પણ મળે નહિ; માટે હજુ સમજીને પાછા જાઓ. બ્રાહ્મણે કહ્યુ. ભાઈ, સમુદ્ર એ કોણ છે તેની તને ખબર છે? સમુદ્ર એ રત્નની ખાણ કહેવાય છે, વળી એ ચંદ્રના કૂળનો છે, માટે પોતાના નામ પ્રમાણે તે મને જરૂર ભીક્ષા આપશે. અને તેમ છતાં કદાપિ નહિ આપે તો હું મારી વિદ્યાના પ્રતાપથી તેની પાસેથી ભીક્ષા લઈશ. આવો દૃઢ વિચાર કરી પેલો બ્રાહ્મણ ત્યાંથી આગળ ચાલ્યો, અને સમુદ્ર કાંઠે આવી એકાંત જગ્યામાંબેશી સામુદ્રિક વિદ્યા શરૂ કરી. આઠેક દિવસ થયા એટલે વિદ્યાના પ્રતાપે સમુદ્રનું પાણી ઉન્હું થવા લાગ્યું, તેમ અંદરનાં જળચર પ્રાણી પણ દુઃખી થવા લાગ્યાં, એટલે સમુદ્ર બ્રાહ્મણને વેષે પેલા મહારાજ પાસે આવ્યો, અને વિનંતિ કરવા લાગ્યો કે, મહારાજ આપ જેની આરાધના કરો છો. તેજ હું સમુદ્ર છું. માટે આપને જે ઇચ્છા હોય તે માગો.

બ્રાહ્મણ બોલ્યો. હું આપની પાસે ભીક્ષા લેવા આવ્યો છું. એટલે સમુદ્ર બ્રાહ્મણને લઇને પાણી ઉપર ચાલ્યો, થોડે દૂર જઈ બંને જણે ડૂબકી મારી અને તળીએ પહોંચ્યા. ત્યાં સમુદ્રે પોતાની તમામ સમૃદ્ધિ બતાવી અને કહ્યું કે, આ તમામ રત્નોમાંથી આપની જે ઇચ્છા હોય તે લ્યો. બ્રાહ્મણે કહ્યું, હું મારે હાથે કદાપિ લઉં નહિ; માત્ર મારે કોઈની પાસે ભીક્ષા માગવી ન પડે તેટલું આપો. સમુદ્રે તેની દૃઢતાનાં ઘણાં વખાણ કરીને એક શંખલી આપી, અને કહ્યું કે, હમેશાં સવારમાં નહાઈ ધોઈ આ શંખલીની પુંજા કરશો એટલે માંહેથી એક તોલો સોનું ખરશે. તે વેચી તમારૂં ગુજરાન ચલાવજો. બ્રાહ્મણ ત્યાંથી ઘેર આવ્યો, અને હમેશાં સવારમાં શંખલીની પુંજા કરે એટલે માંહેથી એક તોલો સોનું નીકળે, તે વેચી પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યો.

શંખલીના પ્રતાપથી બ્રાહ્મણ સારી રીતે સુખી થયો, બાળબચ્ચાં પણ સોના રૂપાનાં ઘરેણાં પહેરવા લાગ્યાં. તે જોઇ તેની સામે એક બીજો બ્રાહ્મણ રહેતો હતો તેને અદેખાઈ આવી. તેણે વિચાર કર્યો કે, એ શંખલી લાવ્યો તો હું એક શેર સોનું ખરે તેવો શંખ લાવું. એવો વિચાર કરી તે પણ સમુદ્ર પાસે ભીક્ષા લેવા ચાલ્યો. સમુદ્ર સમજ્યો કે, બ્રાહ્મણ અદેખાઈ કરીને આવે છે. મહારાજ સમુદ્ર કાંઠે આવીને બેઠા એટલે સમુદ્રે તેને કંઈ પણ મહેનત કરવા ન

હતાં એક મોટો બોલી જાણે તેવો શંખ લાવીને આપ્યો, અને બ્રાહ્મણને વીદાય કર્યો.

મહારાજ શંખને લઇ રાજી થતા ઘેર આવ્યા સવાર થઈ એટલે શંખની પુંજા કરીને બોલ્યો, "શંખ મહારાજ એક શેર સોનું ખરો." એટલે શંખ બોલ્યો, "બશેર ખરો." બ્રાહ્મણે કહ્યું તું બોલે છેકેમ? શંખે કહ્યું,"પેલી તો સમુદ્રે ખરા દીલથી આપેલી પવિત્ર શંખલી" અને હું તો "ડફોળશંખ" મારામાંથી ખરવા ઝરવાનું કશું પણ નહિ. હું તો માત્ર બોલીજ જાણું છું. વળી હું એવો નશીબદાર છું, કે મારાં પગલાં જેને ઘેર ગયાં, તેનું સત્યાનાશ વાળું. માટે મહારાજ! જો તમે ભલું ઇચ્છતા હો, તો મને પાછો સમુદ્રમાં નાખી આવો. શંખના આવા બોલ સાંભળી પેલો બ્રાહ્મણ શંખને લઇ સમુદ્રમાં નાખવા ચાલ્યો, થોડે દૂર ગયો એટલે પેલા "ડફોળશંખનાં" પગલાં ઘરમાં થવાથી અકસ્માત લાહે થઇ, અને તેનું સર્વ બળી રાખ થઇ ગયું. શંખને નાખીને બ્રાહ્મણ પાછો આવ્યો તો પોતાનું ઘર બળી ગયેલું જોઈ પોકેપોક મૂકીને રોયો.

છોકરાઓ! બીજાના ઉપર અદેખાઈ કરવાથી કેવું પરિણામ આવ્યું, તે તમે સમજ્યા હશો. માટે અદેખાઇ કરવી છોડી દો.

જનક અને અષ્ટાવક્ર.

જનક રાજાને એક વાર દિવસે એવું સ્વપ્નું આવ્યું કે, જાણે પરદેશી રાજાએ મારૂં રાજ્ય લઈ લીધું, અને મને કેદ કરશે એમ જાણી પોતે નાઠા, થાક અતિશય લાગવાથી ઘણા ગભરાયા, ભૂખ પણ કકડીને લાગી, તેથી એક ગામમાં જે ઠેકાણે ભીખારી લોકને રાંધીને ખીચડી આપતા હતા ત્યાં ગયા, તો ત્યાંથી બળેલી ખીચડી તેમને માટીના ઠીંકરામાં ઘાલીને ખાવા આપી; તે લઇ પોતે એક ઝાડ નીચે બેઠા, ત્યાં તેમને વિચાર થયો કે, આવી બળેલી ખીચડી પણ જ્યાં સૂધી મને ખાવા મળે છે, ત્યાંસુધી હું ભાગ્યશાળી છું. એવો વિચાર કરે છે એવામાં પાછળથી એક મોટો સાંઢ દોડતો આવ્યો, તેની અડફટ લાગવાથી તે ખીચડી વેરાઇ ગઇ, અને પોતે નિરાશ થઈ જેવા રડવા જાય છે કે તુરત જાગ્યા.

રાજા વિસ્મય થઈ વિચાર કરવા લાગ્યો કે, "આ ખરૂં કે તે ખરૂં." તેનું નિરાકરણ કરાવવા સારૂ તેણે મોટા મોટા ઋષિ લોકની સભા કરી. અને જ્યાં સુધી પોતાના પ્રશ્નનું નિરાકરણ થઇ શકે નહિ ત્યાં સુધી તે દરેક ઋષિને બંદીખાને નાખતો. એ સભામાં *અષ્ટાવક્રના પિતા કોહલ ઋષિ પણ આવ્યા હતા.

---

* અષ્ટાવક્ર ઉદ્દાલક ઋષિની કન્યા સુમતિના પુત્ર હતા. સુમતિ ગર્ભીણી હતી, અને કોહલ ઋ-

કોહલ ઋષિ જનક રાજાને ત્યાં ગયા પછી અષ્ટાવક્ર અવતર્યા હતા. તે બારેક વરસના થયા ત્યારે પોતે ખોડંગતા ખોડંગતા નદીમાં નહાવા સારૂ ગયા. ત્યાં રમનાર છોકરાં તેમના ચાળા પાડવા લાગ્યાં, અને નબાપો નબાપો કહી ખીજવવા લાગ્યાં. તે ઉપરથી અષ્ટાવક્રે ઘેર આવી પોતાની માતાને પૂછ્યું, માતા ! મારે પિતા છે કે નહિ ? આજ હું નદીએ નહાવા સારૂ ગયો, ત્યાં છોકરાં મને નબાપો કહી ખીજવતાં હતાં તેનું કારણ શું? માતાએ કહ્યું, બેટા! તારા પિતાનું નામ કોહલ ઋષિ છે. અને જનક રાજા એક પ્રશ્ન પૂછે છે કે, "આ ખરૂં કે તે ખરૂ" તેનું નિરાકરણ કરાવવા સારૂ તેણે ઘણા ઋષિ લોકને કેદ કરેલા છે, તેમાં તારા પિતા પણ કેદ થયેલા છે. આવું સાંભળી અષ્ટાવક્ર પોતાના પિતાને કેદમાંથી છોડાવવા મિથુલાપુરી જવા સારૂ નીકળ્યા. જનક રાજાએ પોતાના નગરમાં એવો હુકમ કરેલો હતો કે, કોઈ પણ બ્રાહ્મણ આ નગરને વિષે આવે તો તેને મારી પાસે રજુ કરવો. એવામાં અષ્ટાવક્ર મિથુલાપુરી જઈ પહોચ્યા, અને પોતે રસ્તા વચે જઈ બેઠા, એટલે રાજાના માણુસોએ તેમને સુખપાલમાં બે-

---

ષિ વેદાધ્યયન કરતા હતા, ત્યારે ગર્ભ બોલ્યો કે એ ખોટું છે. તે ઉપરથી કોહલ ઋષિએ શ્રાપ દીધો કે, તું દ્વીજ સંસ્કાર પ્રાપ્ત કર્યા સિવાય બોલે છે, માટે તું આઠ ઠેકાણેથી વાંકો અવતરીશ. તેથી તેનાં આઠે અંગ વાંકાં થવાથી અષ્ટાવક્ર નામ પડયું.

સારી રાજા પાસે લઈ ગયા. ત્યાં સર્વ ઋષિ લોકો-એ ઉભા થઇ તેમને માન આપ્યું, અને પછી તેમને સભાના મધ્ય ભાગમાં ગાદી ઉપર બેસાર્યા. અષ્ટાવક્રે જનક રાજાને પૂછ્યું, હે રાજા, આ મોટા મોટા ઋષિ લોકોને તેં શા માટે કેદ કરેલા છે? રાજાએ હાથ જોડીને કહ્યું, મહારાજ! મારો એક પ્રશ્ન છે કે "આ ખરૂં કે તે ખરૂ" એ પ્રશ્નનું કોઈથી નિરાકરણ થઇ શક્યું નથી તેથી મેં સર્વ ઋષિ લોકોને કેદ કરેલા છે.

અષ્ટાવક્રે કહ્યું, હે રાજા! તારૂં રાજ્ય પરદેશી રાજાએ લઇ લીધું, અને તું નાશી ગયો, બળેલી ખીચડી તને ખાવા આપી તે પણ વેરાઈ ગઈ, એ હકિકત તુ પૂછે છે કેમ? પણ તારે યાદ રાખવું કે, જેવી આ સંસારની લીલા છે, તેવીજ તે સ્વપ્નાની પણ લીલા છે માટે "જેવું આ તેવું તે" એટલે જો તું આને ખરૂં માને તો તે ખરૂં, અને આને ખોટું માને તો તે પણ ખોટું, જનક રાજાને તેજ વખતે જ્ઞાન થયું કે, આ સંસારનું સુખ પણ એક સ્વપ્ના જેવું છે. આ પ્રમાણે પોતાના પ્રશ્નનું નિરાકરણ થયેલું જાણી જનક રાજા ઘણા ખુશી થયા. અને તેમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી તેમની આરતી ઉતારી સર્વ ઋષિ લોકોને છુટા કર્યા.

છોકરાઓ! આ વાર્તામાંથી તમારે યાદ રાખવું કે સ્વપ્નામાં આવેલું સુખ જેમ જાગ્યા પછી ફળી-

ભૂત થતું નથી. તેવીજ રીતે સંસારનું સુખ પણ છેવટે નકામું છે. માટે સંસારિક સુખ મેળવવાને મ્હેનત કરવા કરતાં મૂવા પછી જે અજાણી જગ્યામાં જવું છે, ત્યાં સુખ થાય તેવાં કામ કરી તમારી જીંદગીનું સાર્થક કરો.



નવાબ અને કાળીદાસ.

સુરત શહેરમાં પહેલાં નવાબી રાજ્ય હતું, તે વખતે ત્યાં કાળીદાસ નામે મહા વિદ્વાન અગ્નિહોત્રી બ્રાહ્મણ રહેતો હતો, કાળીદાસને એવી ટેવ હતી કે રાત્રે ચાર વાગે તાપી નદીમાં પોતે નહાવા સારૂ જાય તે વખતે મુસલમાન લોકો મસીદમાં બાંગ પોકારે પણ તે કાળીદાસને ગમતી નહિ હોવાથી કાનમાં આંગળીઓ ઘાલીને હોટ મૂકે. આ હકિકત મુસલમાન લોકોના જોવામાં આવ્યાથી તેમણે નવાબ સાહેબને ફર્યાદ કરી કે સાહેબ ! આપણા શહેરનો કાળીદાસ બ્રાહ્મણ અમારી બાંગ વખતે કાનમાં આંગળીઓ ઘાલીને હોટ મૂકે છે, જેથી અલ્લાની મશ્કરી અને અમારૂં અપમાન થાય છે. મુસલમાન લોકોની ફર્યાદ ઉપરથી બીજે દિવસે નવાબે કાળીદાસને દરબારમાં બોલાવી-

ને કહ્યુ કે, અમારા મુસલમાન ભાઇઓ ફર્યાદ કરે છે કે અમારી બાંગ વખતે કાળીદાસ કાનમાં આંગળીઓ ઘાલીને દોટ મૂકે છે, શું તે હકિકત ખરી છે? કાળીદાસે કહ્યું. હા, કેમ કે મુસલમાન લોકો જે બાંગ પોકારે છે તે મને ગમતી નથી એટલુંજ નહિ પણ તેથી અલ્લા પણ ગુસ્સે થાય છે. માટે બાંગ કેમ પોકારવી તે જો આપને જોવાની ઇચ્છા હોય તો રવિવારને દિવસે સવારમાં તમામ લોક પોતાનાં ઢોર, વાછરડાં, વિગેરે લઈ તાપી નદીમાં ઉજાણી કરવા નીકળે; અને ત્યાં જમતી વખતે હું બાંગ પોકારી બતાવીશ.

કાળીદાસના કહેવા પ્રમાણે રવિવારને દિવસે તમામ લોક તાપી નદીમાં ઉજાણી કરવા નીકળ્યા, દશ વાગે રસોઈ તૈયાર થઇ એટલે સર્વ જમવા બેઠા. વાછરડાં અને નાનાં બાળકો પણ પોતાની માતાઓને ધાવવા લાગ્યાં, તે વખતે કાળીદાસે બાંગ પોકારવી શરૂ કરી, કાળીદાસનો સુર, અને તેની બાંગ પોકારવાની રીત જોઈ આકાશ પણ શાન્ત થયું. જમનાર માણસોના કોળીઆ હાથમાંજ રહ્યા. અને નાનાં બાળકો તેમજ વાછરડાં પણ ધાવવાનું મૂકી બાંગ સાંભળવા લાગ્યાં; તેમજ તાપી નદીનું વહેતું પાણી પણ સ્થિર થઇ ગયું. આવો દેખાવ જોઈ નવાબ કાળીદાસ ઉપર ઘણોજ ખુશી થયો અને વરસ દહાડે તેને ત્રણ સો રૂપીઆનું વર્ષાસન બાંધી આપ્યું.

હવે નવાબની પ્રીતિ કાળીદાસ ઉપર વધવાથી

મુસલમાન લોકો તેનાં છિદ્ર શોધવા લાગ્યા. કાળીદાસ અગ્નિહોત્રી માણસ હતો, તેથી તે હમેશાં અગ્નિને માંસ અને દારૂ જેવી ચીજો શુદ્ધ કરીને આપતો હતો, તે વાત મુસલમાન લોકોના જાણવામાં આવ્યાથી નવાબ સાહેબને કહ્યું કે, આપ કાળીદાસને બહુ વખાણો છો. પણ તે માંસ અને દારૂ જેવી ચીજોનો પણ ઉપયોગ કરે છે. તેથી એક દિવસ રાત્રિને વિષે તેની પરીક્ષા કરવા સારૂ નવાબ કાળીદાસને ત્યાં ગયા. કાળીદાસ સમજ્યો કે નવાબ મારી પરીક્ષા કરવા આવ્યા છે, તેથી પોતે બોલ્યા ચાલ્યા વિના, માંસની ટોપલી લઈ નવાબના ઉપર નાખી તો તે ગુલાબનાં ફૂલ થઇ ગયાં, અને પ્યાલામાં દારૂ રેડીને આપ્યો તો તે દૂધ જેવો જણાયો. તેથી નવાબ સાહેબે ખુશી થઈ પોતાની પાસે એક કીંમતી શાલ હતી તે કાળીદાસને ભેટ આપી, તેજ વખતે કાળીદાસે નવાબને કહ્યું કે, હવેથી કોઈ દિવસ અહીંઆં પધારશો તો હું શ્રાપ દઈશ. નવાબ ત્યાંથી ગયા પછી કાળીદાસે પેલી શાલ અગ્નિકુંડમાં નાખી દીધી. એટલે તે બળીને ભસ્મ થઇ ગઇ.

પોતાના નગરમાં આવો વિદ્વાન માણસ છે. તેની મગરૂરી ધરાવતા નવાબ સાહેબ રાજમહેલમાં આવ્યા, અને મુસલમાન લોકોને કહ્યું કે તમારી વાત તદ્દન ખોટી છે. કાળીદાસને હું ખુદા જેવો માનું છું.

ઇર્ષ્યાખોર લોકોને કદી ચેન પડતું નથી તે પ્રમાણે કેટલાક મુસલમાન લોકો કાળીદાસ ઉપરથી નવાબ-

નો પ્રેમ ઓછો થાય, તેવી બીજી યુક્તિ શોધવા લાગ્યા. એવામાં તે લોકને ખબર થઇ કે નવાબ સાહેબે કાળીદાસને ભેટ કરેલી શાલ તેણે બાળી મૂકી છે. એ વાત નવાબને કાને જવાથી બીજીવાર રાત્રિને વિષે પોતે કાળીદાસને ત્યાં ગયા, કાળીદાસે પોતાનું નિત્ય કર્મ બંધ રાખ્યું, અને કહ્યું કે સાહેબ, કેમ પધાર્યા ? નવાબે કહ્યું, બજારમાંથી મારે શાલ જોટા ખરીદ કરવા છે, માટે પડખે નાખવા સારૂ પેલી શાલ મને આપો. કાલીદાસે તેજ વખતે અગ્નિકુંડમાં હાથ ઘાલી અગ્નિનું સ્મરણ કરી દશ બાર જોટા શાલોના ખેંચી આણ્યા, અને તેજ વખતે શ્રાપ દીધો કે, મારા વચનનું અપમાન કરી ખોટી રીતે મારી પરીક્ષા કરી માટે આજથી એકત્રીસમે દિવસે તારૂં રાજ્ય જશે, નવાબ ત્યાંથી પસ્તાવો કરતા પોતાના મહેલમાં પાછા આવ્યા, અને ત્યાર પછી કાલીદાસે આપેલા શ્રાપ પ્રમાણે સુરતનું નવાબી રાજ્ય એકત્રીસમે દિવસે ગયું.

છોકરાઓ! મહાત્મા પુરૂષનો કેડો લેવાથી શું પરિણામ આવ્યું તે તમે સમજ્યા ? માટે પક્કો વિચાર કર્યા સિવાય કોઇપણ કામ કરવું જોઇએ નહિ.



ફકીર અને દિવાન.

કોઇ ફકીર એક રાજ્યનગરમાં એવી ટેલ નાખતો હતો કે "હોય એસા ન રહેગા." તે વાત રાજાના દિવાને સાંભળી, એટલે તેને પોતાની પાસે બોલાવીને પૂછ્યું, સાંઇ બાવા! તમે શું કહોછો? ફકીર બોલ્યો, નામદાર હું એવું કહું છું કે, હોય એસા ન રહેગા. દિવાને પૂછ્યું ત્યારે શું મારી દિવાનગીરી જતી રહેશે? ફકીરે કહ્યું, અલ્લા ન કરેને એવો વખત આવે. પણ કોઇ દિવસ આપની દિવાનગીરી જાય ખરી, એટલું કહી પેલો ફકીર ત્યાંથી ચાલ્યો ગયો, હવે આ વાત બન્યાને બે ત્રણ વર્ષ થયાં કે રાજા ગુજરી ગયા, અને તેના પછી તેનો કુંવર ગાદી ઉપર બેઠો. તે કુંવરના બીજા અમલદાર લોકોએ કાન ભર્યા કે, દિવાન ઘણો પ્રપંચી છે, અને રાજ્યમાંથી ઘણા પૈસા ખાઇ જાય છે. કેટલાક મોટા માણસોને કાન હોય છે પણ સાન હોતી નથી; દિવાન વિષે આવી હકીકત સાંભળી તેનો કંઇ પણ તપાસ કર્યા સિવાય એકદમ રાજાએ તેને રજા આપી.

દિવાન ઘેર બેઠા, પરંતુ આ વખતે તમારે એટલું યાદ રાખવું કે, દરેક માણુસની પાછળ ઉપજના પ્રમાણમાં ખર્ચ પ્રભુએ મૂકેલું હોય છે. દિવાને મોટા હોદ્દા ઉપર નોકરી કરેલી જેથી તે પ્રમાણે તેમને ખર્ચ

ખૂટણ વધારે હોવાથી પગારમાંથી લાંબી બચત ર- હેલી નહિ. અને તેને લીધે પોતાની પાસે જે પૈસા હતા તે પરવારી ગયા પછી નાણાંની તંગી પડવા લાગી. છ, સાત, માણસો ખાનાર પીનાર હોવાથી પુરૂં પેટ ભરીને પણ ખાવા મળે નહિ. જેથી મ- જુરી કરી પોતાનું ગુજરાન ચલાવવાનો વિચાર કર્યો. પણ જાહેર મજુરી કરતાં શરમ લાગે, માટે પોતાના ઘરની પછવાડે પીંજારા લોકો રહેતા હતા, તેમને ત્યાં કપાસ પીલવાની છાની રીતે મજુરી પોતે તથા પોતાનું કુટુંબ કરવા લાગ્યું. જેણે દિવાનગીરી કરેલી, મન ગમતા અને મીઠા પદાર્થોનું જેણે દરરોજ ભોજન કરેલું, ચારઠોમાં બેશી જેણે મોજ મારેલી, અને જેની તહેનાતમાં પટાવાળાસિપાઇ લોકો રહેલા અને છડીદાર લોકો નેકી પોકારતા, એવા માણસની ચેલા ફકીરના કહેવા પ્રમાણે માઠી દશા આવી. દુઃખ સહન થઇ શક્યું નહિ ત્યારે પોતે અફીણ ખાઇ મરી જવાનો વિચાર કર્યો; પણ અફીણ ખાવાને પૈસા ક્યાંથી લાવે? છેવટે મજુરીમાંથી દરરોજનો એકેક આનો બચાવી આઠેક દિવસ થયા એટલે તેનું અફીણ લાવી પાણીમાં ઓગાળી કાચનો પ્યાલો ભરી પોતે તથા પોતાની સ્ત્રી પીવા સારૂ તૈયાર થયાં. અફીણ પીવાની દિવાને પહેલી ઇચ્છા કરી, ત્યારે તેની સ્ત્રી બોલી, સ્વામિનાથ! આપ અફીણ ખાઈ પ્રથમ મરી જશો તો હું અબળા જાતિથી છોકરાં છૈયાંનું પાલણ

પોષણુ થઈ શકશે નહિ, માટે પ્રથમ મને અફીણુખાઈ મરી જવાની રજા આપો. કારણુ કે મારા મરણુ પછી તમે જીવતા હુશો તો આ બાળ બચ્ચાંનું પાલણુ પોષણુ સારી રીતે કરી શકશો. એમ કહી પેલી સ્ત્રી અફીણુનો પ્યાલો, જેવો મોં આગળ લાવી કે, તુરતજ પેલો ફકીર પાછો ફરતો ફરતો ત્યાં આવ્યો અને બોલ્યો. હોય એસા ન રહેગા. દિવાને આ શબ્દ સાંભળતાં પોતાની સ્ત્રીના હાથમાંથી અફીણુનો પ્યાલો ઢોળી પાડયો, અને કહ્યું કે, હે સ્ત્રી ! પેલો ફકીર શું કહે છે, તે સાંભળ ! કોઈના બધા દિવસ સરખા જતા નથી, પ્રથમ આપણુને દિવાનગીરી મળેલી તે ગઈ, અને આવી ગરીબ દશા આવી. માટે આવી ગરીબ સ્થિતિ આપણી લાંબી મૂદત રહેશે નહિ. સુખ પાછળ દુઃખ અને દુઃખ પાછળ સુખ એમ પ્રભુએ ઘટમાળ બાંધેલી છે અને તે પ્રમાણે થયે જાય છે. માટે મરી જવામાં કંઈપણુ સાર નથી.

હવે ત્યાર પછી ટૂંક મુદતમાં એવું બન્યું કે, નવા રાજાને ઘોડા ખરીદ કરવાની ઘણી જરૂર હતી; અને માજી દિવાન ઘોડાની પરીક્ષામાં ઘણો હોંશિઆર હતો. તેથી તેને રાજાએ પોતાની પાસે બોલાવી ઘોડા ખરીદ કરવા સારૂ મોકલ્યો. તેણે એવા રૂપાળા અને પાણીદાર ઘોડા ખરીદ કર્યા કે રાજા ઘણો ખુશી થઇ તેને લશ્કરમાં સેનાપતિની જગા આપી અને તે ઉપરાંત તેને બે હજાર રૂપીઆ ઈનામ આપ્યું.

છોકરાઓ ! સુખ દુઃખની છાયા વારાફરતી આવે છે તે તમે ઉપરની વાર્તામાંથી સમજ્યા હશો—માટે દરેક માણસે દુઃખમાં ગભરાવું નહિ, અને સુખમાં છલકાવું નહિ; ઉપરના દાખલામાં તમે જોયું કે, દિવાન જેવા મોટા અમલદારને પણ પીંજારાને ત્યાં કપાસ પીલવાનો વખત આવ્યો.



નારદ અને અનસુયા.

એક વાર ઇંદ્રપુરીમાં દેવોની સભા થઈ. તેમાં એવી વાતચીત થઇ કે, સતી સ્ત્રી જે ધારે તે કરી શકે. તે વખતે બ્રહ્માના પુત્ર નારદજીએ વિચાર કર્યો કે, મારે તેની પરીક્ષા કરવી; એવો વિચાર કરી લોઢાના ચણા તૈયાર કરાવી પોતે સતી સ્ત્રી પાસે શેકાવા ચાલ્યા. પ્રથમ તે બ્રહ્માની સ્ત્રી (પોતાનાં માતુશ્રી) પાસે ગયા, અને કહ્યું, માતુશ્રી આપ સતી કહેવાઓ છો. માટે આ લોઢાના ચણા મને શેકી આપો. માતાએ વિચાર કર્યો કે, હું સતી કહેવાઉં છું તે વાત ખરી, પણ કોઈ વખત મેં બ્રહ્માને અપશબ્દ કહ્યો હોય, અને તે દોષથી વખતે

ન શેકાય તો મારી મશ્કરી થાય, એવો વિચાર કરી તેમણે કહ્યું, પુત્ર ! મારી શક્તિ લોઢાના ચણા શેકી આપવા જેટલી નથી. નારદ ત્યાંથી વિષ્ણુને ત્યાં ગયા, તો ત્યાંથી પણ તેવોજ ઉત્તર મળ્યો. છેવટે તે શંકરને ત્યાં ગયા, તો ત્યાં પણ પાર્વતીએ વિ-ચાર કરી ના કહી. એવામાં નારદને વિચાર થયો કે અત્રિ ઋષિની સ્ત્રી અનસુયા ઘણાં પવિત્ર અને સતી કહેવાય છે, માટે તેમની પાસે જાઉ. એવો વિચાર કરી તે અત્રિ ઋષિના આશ્રમમાં ગયા. ઋષિ ન-ર્મદા તીરે સંધ્યા કરવા ગયા હતા, અને અનસુયા પોતે બેઠાં હતાં. તેમની પાસે જઇ નારદે કહ્યું, મા-તાજી ! આપ સતી કહેવાઓ છો, માટે આ લોઢાના ચણા મને શેકી આપો. માતાએ હા કહી પોતે ઋષિ પાસે આજ્ઞા લેવા ગયાં. ઋષિએ સર્વ હકિકત સાં-ભળતાં ચણા શેકી આપવા આજ્ઞા કરી. અનસુયાએ આશ્રમમાં આવી, ચુલા ઉપર માટીના ઠીંકરામાં તેમને લોઢાના ચણા શેકી આપ્યા, તે લઇ નારદ પોતે સભામાં ગયા, અને કહ્યું કે, બ્રહ્મા, વિષ્ણુ. અને શંકર, એમની સ્ત્રીઓ સતી કહેવાય છે, પણ તેમનાથી આ લોઢાના ચણા શેકાયા નહિ, પણ અત્રિ ઋષિની સ્ત્રી અનસુયા ઘણાં પવિત્ર છે. તેમણે મને આ લોઢાના ચણા શેકી આપ્યા. આવું સાંભ-ળતાં ત્રણે દેવ ઝાંખા પડયા, અને તેનું સતીપણું છોડાવવા બ્રાહ્મણના વેષે તેઓ અત્રિ ઋષિના આશ્ર-

મમાં ગયા, અનસુયા ત્યાં બેઠાં હતાં, તેમણે પૂછયું. મહારાજ ! કેમ પધાર્યા ? બ્રાહ્મણો બોલ્યા, અમો ત્રણેને તમે ઉઘાડે શરીરે ભીક્ષા આપો. આવું સાંભળી અનસુયા પોતે ઋષિની આજ્ઞા લેવા ગયાં. ઋષિએ સમાધીમાં જોયું તો બ્રહ્મા, વિષ્ણુ, અને શંકર. એ ત્રણ દેવો દીઠા, તેથી પોતાની સ્ત્રીને કહ્યું, હે સ્ત્રી ! એ કોણ છે તે તું જાણે છે ? એ તો બ્રહ્મા, વિષ્ણુ, અને શંકર. એ ત્રણ દેવો તારૂં સતીપણું મૂકાવા આવ્યા છે. માટે આ કમંડળનું પાણી હાથમાં લઇ તેમની ઉપર છાંટજે એટલે તેઓ નાન બાળકો થઇ જશે. ઋષિનું આપેલું જળ લઇ અનસુયા પોતાના આશ્રમમાં આવ્યાં. અને ત્રણે દેવોને પાણી છાંટયું. કે તુરત તેઓ નાના બાળકો થઇ ગયા, એટલે અનસુયાએ ઉઘાડે શરીરે તેમને ધવરાવી પારણામાં સુવાડી દીધા.

ઘણો વખત થઈ જવાથી એ ત્રણે દેવોની સ્ત્રીઓ પોતાના ધણીની શોધ કરવા અનસુયાના આશ્રમમાં આવી. ત્યાં પોતાના ધણી પારણામાં સુતેલા જોઈ અનસુયાની ઘણી સ્તુતિ કરવા લાગી. ત્યારે અનસુયા બોલ્યાં કે, આ ત્રણમાંથી તમારા ધણી ઓળખીને લઈ જાઓ. બાળકના રૂપે પોતાના ધણી ઓળખાય નહિ માટે અનસુયાની ઘણી પ્રાર્થના કરી. ત્યારે તે પાછાં ઋષિની આજ્ઞા લેવા ગયાં, ઋષિએ કહ્યું કે, એ ત્રણે દેવો તારે પેટે અવતાર લેવાની કબુલત આપે તો તેમને રજા આપજે તે

પ્રમાણે અનસુયાએ આશ્રમમાં આવી ત્રણે દેવોનાં મૂળ સ્વરૂપ બનાવી પોતાને પેટે અવતાર લેવાની કબુલત લઈ તેમને રજા આપી.

છોકરાઓ! આવી રીતે અનસુયાના સત્યવડે બ્રહ્મા, વિષ્ણુ, અને શંકર એમને ચંદ્ર, દત્તાત્રય, અને દુર્વાસાના અવતાર તેમને પેટે લેવા પડયા, એવી રીતે પ્રભુ સત્યને આધીન છે.



તક્ષક અને ધન્વંતરી.

પરીક્ષિત રાજા એકવાર મૃગયાને માટે નીકળ્યા, મધ્યાન્હ થવાથી રાજાને તરસ લાગી, તેથી પાણીની શોધ કરવા ભીંડી ઋષિના આશ્રમમાં ગયા, ઋષિ સમાધીમાં હતા, અને રાજાએ પીવાનું પાણી માગ્યું, તેથી ઋષિએ કંઇ ઉત્તર આપ્યો નહિ માટે ક્રોધાયમાન થઈ રાજાએ એક મુએલો સાપ ભીંડી ઋષિની કોટે ઘાલ્યો, તે વાત ભીંડીઋષિના પુત્ર શૃંગી ઋષિના જાણુવામાં આવ્યાથી શ્રાપ દીધો કે, **આજથી સાતમે દિવસે મારા પિતાની ડોકમાં સાપ ઘાલનારને તક્ષક નાગ કરડશે.** ઋષિ સમા-

ઘીમાંથી જાગ્યા પછી શૃંગી ઋષિએ સર્વ હકીકત કહી, અને પરીક્ષિત જેવા ધર્મીષ્ટ રાજાને શ્રાપ આપેલો જાણી પોતે ઘણા દિલગીર થયા.

પરીક્ષિત રાજાના જાણુવામાં પણ આ હકીકત આવી એટલે તેમણે પોતાના મહેલની આસપાસ ઘણા ચોકીદારો મૂકયા હવે ઋષિના આપેલા શ્રાપ પ્રમાણે સાતમે દિવસે તક્ષક બ્રાહ્મણને વેષે પરીક્ષિત રાજાને કરડવા સારૂ ચાલ્યો. તે વખતે જગતના વૈદ્ય* ધન્વંતરીએ વિચાર કર્યો કે, તક્ષક નાગનુ ઝેર ઉતારી હું પરીક્ષિત રાજાને બચાવું, એવો વિચાર કરી તે પણ ચાલ્યા. રસ્તામાં એક કુવા ઉપર તક્ષક બ્રાહ્મણને વેષે બેઠો છે, ત્યાં આ ધન્વંતરી તેમને મળ્યા. ધન્વંતરીએ કહ્યું. મહારાજ ! કયાં જાઓ છો ? તક્ષકે કહ્યું ભાઈ ! શૃંગી ઋષિના શ્રાપથી હું તક્ષક પરીક્ષિત રાજાને કરડવા સારૂ જાઉં છું. ધન્વંતરી બોલ્યા, ઠીક! હું પણ તમારે માટેજ આવું છું. હું કોણ છું તે તમે જાણો છો ? હું જગતનો વૈદ્ય ધન્વંતરી છું. તક્ષકે કહ્યું, હું આ વડને ડંશ કરી બાળી મૂકું તો તમે તેને લીલો કરશો ? ધન્વંતરીએ કહ્યું હા, એટલે તક્ષકે વડના થડમાં ડંશ કર્યો કે તુરત તે વડ સૂકા

---

* દેવોએ જયારે સમુદ્ર મંથન કર્યું ત્યારે આ ધન્વંતરી વૈદ્ય નીકળ્યા હતા. તેમણે તમામ વનસ્પતિને બોલાવી તે દરેકના ગુણ દોષ તેમને પૂછીને નક્કી કર્યા હતા.

લાકડા જેવો થઇ ગયો, પછી ધન્વંતરીએ તેજ ઠેકાણે એવી દવા લગાવી કે, તેવડ પ્રથમના જેવો લીલો થયો. તક્ષકે જાણ્યું કે ઋષિનો શ્રાપ મિથ્યા જશે માટે કંઇ કપટ કરૂં. એવો વિચાર કરી તે બોલ્યો, હે ધન્વંતરી ! તમે ઘણા હોંશિઆર વૈદ્ય છો તો તમારૂં મોત શી રીતે ? ધન્વંતરી બોલ્યા, મારી દૃષ્ટિ પડે તેટલી જગોમાં મને ગમે તે થાય, તોપણ હું મરૂં નહિ. એટલે તક્ષક લાકડી થઇને આગળ રસ્તામાં પડયો. ધન્વંતરીએ જાણ્યું કે આ લાકડી ઘણી સારી છે, એમ કહી જેવી ખભે મૂકી કે તુરત તક્ષકે તેના વાંસા ઉપર ડંશ કરી તેનો પ્રાણ લીધો, અને તેની લાશ ઉપર નાગની ચોકી મૂકી તે આગળ ચાલ્યો, અને હસ્તિનાપુર આવી તપાસ કરવા લાગ્યો, તો રાજાના મહેલની આસપાસ ઘણા ચોકીદારો દીઠા, એટલે તક્ષક મહેલમાં પેસવાની યુક્તિ શોધવા લાગ્યો, એવામાં કોઇ એક બ્રાહ્મણ રાજાને ભેટ આપવા સારાં ફુલ લાવ્યો હતો, તેમાં તક્ષક કીડો થઇને અંદર પેશી ગયો. બ્રાહ્મણ તે ફુલ લઇ રાજા પાસે ગયો; કે કીડો થઇને પુલમાં સંતાઇ રહેલો પેલો તક્ષક, રાજાને કરડયો, અને તેનો પ્રાણ લીધો.

પરીક્ષિતને ડંશ કરી તક્ષકે પાછા આવી. ધન્વંતરીનું ઝેર ચુશી તેને સજીવન કર્યો. ધન્વંતરી બોલ્યા કે, તેં મને કપટ કર્યું પણ રાજાનું એક હા-

ડકું મળી આવશે તોપણ હું તેને સજીવન કરીશ, એવું કહી પરીક્ષિતને જે ઠેકાણે બાળ્યા હતા. ત્યાં આવ્યા પણ ત્યાંથી હાડકાનો એક કકડો પણ મળી આવ્યો નહિ, એટલે પોતે નિરાશ થઇ ધન્વંતરી પાછા વળ્યા.

છોકરાઓ!—ધન્વંતરી ઘણા હોંશિઆર વૈદ્ય હતા તો પણ તક્ષકની સાથે વાદવિવાદ કરવાથી તેમનું કામ સિદ્ધ થયું નહિ, માટે વાદવિવાદ કરવામાં કંઇ પણ સાર નથી એ વાત યાદ રાખો.

હંસ અને કાગડો.

ભોજ રાજાના દરબારમાં મહા પંડિત કાળીદાસ હમેશાં શાસ્ત્રીય કથા વાંચતા હતા, ત્યાં એક હંસ હમેશાં તે કથા સાંભળવા આવતો હતો; અને કથા સાંભળી તે દરરોજ પોતાને ઠેકાણે જતો હતો, એક દિવસ કથાની શરૂઆત મોડી થવાથી તેની સમાપ્તી પણ મોડી થઈ, એટલે હંસ પોતાને ઠેકાણે જવા સારૂં ઉડયો. અંધારી રાત્રિ હતી તેથી તે જંગલમાં ભૂલો પડયો, માટે એક મોટા વડની ડાળ ઉપર તે બેઠો. જે ડાળ ઉપર હંસ બેઠો તેજ ડાળ ઉપર મા-

ળામાં એક કાગડો બેશી રહેલો હતો, હંસને જોઈને કાગડાને વિચાર થયો કે, આવું રૂપાળું પ્રાણી મેં કદી જોયું નહોતું. માટે તેની દોસ્તી થાય તો ઠીક, એવો વિચાર કરી કાગડો બોલ્યો, આપ કોણ છો ? અને રાત્રિને વિષે મારા જેવા ગરીબને ત્યાં આપ કયાંથી ? હંસ બોલ્યો ભાઈ ! હું હંસ છું, અને આ જંગલમાં ભૂલો પડવાથી આજની રાત્રિ ગાળવાને માટે અહીંઆં આવ્યો છું. કાગડો બોલ્યો, આપ મારે ઘેર પધાર્યા માટે મહેરબાની કરી આપ મારા ઘરમાં સૂઈ જાઓ. હંસ જેવો માળા ઉપર બેસવા જાય છે કે, તુરત તે માળો નીચે પડી ગયો; એટલે આખી રાત બન્ને જણ એક ડાળ ઉપર બેશી રહ્યા, પણ કાગડાને ચેન પડે નહિ. કે રખેને હંસ મને મૂકીને જતો રહેશે. સવાર થતાં હંસે જવાની રજા માગી. કાગડો બોલ્યો, આપ મારા મિત્ર થયા. માટે મારે ત્યાં જમ્યા વિના આપને જવાની રજા હું આપનાર નથી. કાગડાનો આગ્રહ જોઈ હંસે જમવાની વાત કબૂલ કરી, એટલે કાગડો ત્યાંથી ઉડી પોતાનું ભક્ષ જે નર્ક હતું તે લાવી તેની પાસે મૂકયું. જે હંસ મોતીનો ચારો ચરે તે આવી ખરાબ વસ્તુ કદાપિ ખાય ખરો કે ? હંસે વિચાર કરી જવાબ દીધો કે, ભાઈ ! નાહ્યા સિવાય, હું જમતો નથી, માટે તું મારે ઘેર ચાલ; અને ત્યાં આપણે સર્વ લોગા મળી જમીશું. કાગડે તે વાત કબુલ કરી એટલે

બન્ને જણુ ત્યાંથી ઉડયા, તે હંસને ત્યાં ગયા, પોતાને ત્યાં મેમાન આવેલો જાણી હંસણીએ ઘણી રાજી થઇ, અને સરોવરમાંથી મોટાં મોટાં મોતી વીણી લાવી, સર્વ સાથે જમવા બેઠાં, પણ કાગડાથી મોતી ખાઈ શકાયાં નહિ. થોડીવાર વિચાર કરી કાગડો બોલ્યો, ભાઇ ! આપને અને મારે દોસ્તી થઇ તો રૂપમાં કે ગુણુમાં બેમાંથી એક વાતે આપણું મળતાપણું આવવું જોઇએ. ગુણુની બાબતમાં આપણું મળતાપણું આવી શકે તેમ નથી, પણ શરીર મળતું આવે તેમ થવું જોઈએ. હંસ બોલ્યો, તેમ કરતાં પણ તારૂં કાળું શરીર મારા જેવું રૂપાળું થાય નહિ. કાગડો બોલ્યો, તે વાત ખરી ! પણ આપનું રૂપાળું શરીર મારા જેવું કાળું કરવું. એમાં કંઈ વધારે મહેનત નથી. હંસે કહ્યું, તે શી રીતે ? કાગડો બોલ્યો ચાલો મારી સાથે ! એમ કહી બન્ને જણુ ત્યાંથી ઉડયા, તે જે ઠેકાણે ભાવસાર લોકોના ગળીના કુંડ હતા ત્યાં આવી પહોંચ્યા. કાગડે કહ્યું, આપ આ ખાડામાં એકવાર ડૂબકી મારી બહાર નીકળો. હંસે કાગડાના કહેવા પ્રમાણે કર્યું, તો ગળીનો કાળો રંગ હંસને ચોંટી ગયો. પોતાની જાત આવી ખરાબ થયેલી જોઇ હંસને ઘણો પસ્તાવો થયો; અને વિચાર કરવા લાગ્યો કે, નીચની દોસ્તી કરવાથી હું પણ નીચ ગણાયો; તેમજ વળી આઈ કાલે કથામાં ન જવાથી પ્રભુના નામની સુંદર કથા પણ મારાથી સંભળાઈ નહિ, એવો વિચાર કરી પો-

તાની જાતને ઘણો તિરસ્કાર કરતો હંસ ત્યાંથી ઉડયો તે પોતાને ઘેર ગયો, તો ત્યાં પણ તેનું આવું કાળું શરીર જોઇને હંસણીઓએ તેને પેસવા દીધો નહિ.

છોકરાઓ ! નઠારી સોબતનાં કેવાં ફળ મળે છે તે તમે જોયાં કે ? હંસ જેવા પ્રાણીએ કાગડાની દોસ્તી કરી તો પોતાની જાત અને કુટુંબ તજવા વખત આવી, માટે નઠારાની સોબત કરવી છોડી દો. કેમ કે તેથી સારૂં પરિણામ આવેજ નહિ.

અલ્લાઉદ્દીનનો પૂર્વ જન્મ.

એક બ્રાહ્મણ મહાદેવજીનો પરમ ભક્ત હતો, તે *ગંગોત્રીમાંથી કાવડવડે ગંગા જળ લાવી કાશીમાં વિશ્વનાથ મહાદેવને ચડાવતો હતો. કારણ કે મહાદેવજીને પ્રસન્ન કરી તેનો વિચાર વરદાન માગવાનો હતો. પોણોસો વર્ષની ઉમ્મર સુધી આ કામ તેણે ઘણું દુઃખ વેઠીને કર્યું, ત્યાર પછી છેલ્લી કાવડ ગંગા જળ ભરી પેલો બ્રાહ્મણ ચાલ્યો; આગળ ચાલતાં એક સાંકડો રસ્તો આવ્યો, તેમાં એક ગાય અને કસાઈ

* ગંગા નદીના મૂળ પાસે ગંગોત્રી નામે ઘણું પવિત્ર જાત્રાનું ઠેકાણું છે.

દોડતાં આવતાં હતાં. બ્રાહ્મણે વિચાર કર્યો કે આ ગાય તેના ધણી પાસેથી નાશી જાય છે, માટે તેને ઉભી રાખું, એવા વિચારથી પોતાના બે હાથ પહોળા કરી તે ગાય ઉભી રાખી એટલે કસાઇએ તેને પકડી લીધી, પેલો બ્રાહ્મણ થોડે દુર ગયા પછી કસાઇએ તે ગાય મારી નાખી. ગાયે મરતી વખતે શ્રાપ દીધો કે મને ઉભી રાખનારના હાથ કપાઇ જજો.

હવે પેલો બ્રાહ્મણ ત્યાંથી આગળ ચાલ્યો, તે એક મોટા શહેરની બહાર ધર્મશાળામાં પોતાની કાવડ મૂકી વિસામો લેવા સૂઈ ગયો. તે વખતે એવો બનાવ બન્યો કે, તે શહેરનો રાજકુંવર નાની ઉમરનો અને મનસ્વી હોવાથી પોતાની ઈચ્છા પ્રમાણે શહેર બહાર ફરતો હતો, ત્યાં ચોર લોકોએ તેને કાપી નાખી તેના શરીર ઉપરથી તમામ દાગીના કાઢી લઈ તેનું માથું સંતાડવા પેલી ધર્મશાળામાં ગયા, ત્યાં આ બ્રાહ્મણ ઉંઘેલો જોઇ તેની કાવડમાં માથું મૂકી તે લોકો ચાલ્યા ગયા. ત્યાર પછી થોડીવારમાં બ્રાહ્મણ જાગ્યો, તે પણ પોતાની કાવડ ખભે મૂકી આગળ ચાલ્યો. ડોકાવાળી કાવડ વાંસા પાછળ રહેલી હોવાથી તેમાંથી જે લોહીનાં ટીપાં નીકળતાં તે બ્રાહ્મણના દીઠામાં આવતાં નહિ.

બપોર થઇ જવાથી રાજકુંવર મહેલમાં ગયેલો ન હોવાથી રાજાના માણસોએ તેની તપાસ કરવા

માંડી, તો ધર્મશાળામાં લોહીવાળી ધોતી જશા તેમના જોવામાં આવી; એટલે તેમને વહેમ પડવાથી તે લોકો પગલે પગલે ચાલ્યા, તેમણે રસ્તામાં પેલા બ્રાહ્મણની કાવડમાંથી લોહી ટપકતું હોવાથી તેને ઉભો રાખી તપાસ કરી તો કાવડમાંથી કુંવરનું માથું નીકળ્યું. એટલે રાજાના માણસોએ તેને પકડી રાજા પાસે લઈ ગયા. રાજાએ બ્રાહ્મણની તપાસ કરી તો તેની પાસેથી કંઇપણ જણસ મળી આવી નહિ, તેમ તેને પૂછતાં કુંવરને માર્યા બાબત રાજાને ખરી ખાતરી થઇ નહિ, તો પણ રાજકુંવરનું માથું તેની પાસે નીકળવાથી રાજાએ તેના હાથ કાપી નાખવાનો હુકમ કર્યો, હાથ કાપી નાખ્યાથી તેને ઘણું દુઃખ થયું, એટલે રાજાને દયા આવવાથી બ્રાહ્મણ જાણી તેને આરામ થતા સુધી પોતાને ત્યાં રાખ્યો. હાથ રૂઝાઈ ગયા પછી તે બ્રાહ્મણ ત્યાંથી નીકળી કાશીમાં આવી મહાદેવજીના દેવળમાં પેઠો. અને પોતાની કાવડ નીચે મૂકી તેમાંથી ગંગાજળનો સીસો બે હાથના ઠુંઠાં વતી પકડી મહાદેવજીના લીંગ ઉપર નાખ્યો, એટલે સીસો ફુટી જવાથી તેમાંનું ગંગાજળ મહાદેવજીને ચડયું, એટલે લીંગમાંથી મહાદેવજી આપો આપ પ્રગટ થયા, અને દરશન આપીને બોલ્યા, બચ્ચા જે ઈચ્છા હોય તે માગ. બ્રાહ્મણે કહ્યું, મહારાજ! મેં તમારી ઘણી સેવા કરી ત્યારે તમે મને આવું ફળ આપ્યું, એમ કહી પોતાના કા-

પેલા હાથ બતાવ્યા, તો હું આપની પાસે એટલુ વરદાન માગું છું કે, આ જન્મ પછી આવતા જન્મમાં હું મુસલમાન બાદશાહ થઈ તમારા હાથ ભાગુ મહાદેવજી પોતે વચનથી બંધાયલા હોવાથી ભોળા-શંભુએ તે વરદાન કબૂલ રાખ્યું, અને અસ્તુ કહી પોતે અંતર્ધ્યાન થઈ ગયા.

છોકરાઓ! તે બ્રાહ્મણ બીજે અવતાર અલ્લા-ઉદીન ખુની અવતર્યો તેણે હિંદુના ઘણા દેવ તથા મહાદેવજીનાં લીંગ ખંડીત કર્યા.



પંડિત, રાજા અને વાંદરૂં.

એક વખત રાત્રે ચાર ચોર ભેગા થયા, અને ચોરી કરવા જવાનો પક્કો વિચાર કરી એક વિદ્વાન બ્રાહ્મણ પાસે મહુરત જોવરાવવા સારૂ ગયા. બ્રાહ્મણે કહ્યું, ભાઈ! ચોરીમાં આજ તમને સારો માલ મળે એવું મહુરત જોઇ આપું તો તમે મને શું આપશો?

ચોરોએ કહ્યું, ચોરીના માલનો ચોથો ભાગ તમને આપીશું. આવી લાલચથી બ્રાહ્મણે સારૂં મહુરત જોઇ આપી તેમને વિદાય કર્યા. તેમણે એક મોટા શહેરમાં જઈ નગરશેઠને ત્યાં ચોરી કરી ઘણો માલ લાવ્યા, અને તેમાંથી ચોથો ભાગ પેલા બ્રાહ્મણને આપી વિદાય થયા.

ચોરીનો માલ ચંડાળે જાય એ કહેવત પ્રમાણે તે ગામનો પોલીસ પટેલ રાત્રે છૂપી રીતે ગામમાં ચોકી ફરતો હતો, તેણે પેલા ચોરોને પકડયા, અને તેમની પાસેથી અરધો ભાગ પડાવી લીધો. એટલે બાકી રહેલો માલ ચાર ભાગે વેહેંચી લઈ તે લોકો પોત પોતાને ઘેર ગયા. હવે તે માલ પણ પોતાના ગુજરાનને માટે થોડી કીંમતે વેચી દઈ ચાર દિવસમાં ચોકૂખા થયા.


પેલો બ્રાહ્મણ હમેશાં વિચાર કરતો હતો કે, હું મહા વિદ્વાન છતાં પૈસાની આવક મને બિલકુલ થતી નહોતી. માટે પેલા ચોરોની સાથે દોસ્તી થાય તો મારૂં દરિદ્ર જાય. એવો વિચાર કરે છે એટલામાં બીજીવાર પેલા ચોર લોકો મહુરત જોવરાવવા સારૂ ત્યાં આવ્યા. બ્રાહ્મણે કહ્યું, ભાઇ, મારે પણ તમારી સાથે આવવાની ઈચ્છા છે, ચોરોએ ઘણી ના કહી પણ બ્રાહ્મણે તે માન્યું નહિ, અને સારૂં મહુરત જોઈ ત્યાંથી નીકળ્યા, તે એક રાજાને ત્યાં જઇ ઝવેરખાના-માં પેઠા. બ્રાહ્મણ બોલ્યો, ભાઈ! ઝવેરાત ચોરવાનો શાસ્ત્રમાં દોષ કહ્યો છે માટે તે ન લેવાય. ચોરોએ

વિચાર કર્યો કે આ બ્રાહ્મણની સાથે વાતચીત કરીશું તો વખતે પકડાઇ જઇશું. માટે પોતાથી જેટલું ઝવેરાત લેવાય તેટલું લઈ ચોર લોકો નાશી ગયા.

પેલો બ્રાહ્મણ એકલો રહ્યો તેને તો ચોરી કરતાં દરેક વસ્તુમાં કોઈ કોઈ પ્રકારનો દોષ જણાયો; જેથી દોષ વિનાની વસ્તુનો પોતે તપાસ કરતો હતો એટલામાં રાજાને ત્યાં ઉત્તમ પ્રકારની કમોદ ખંડાવેલી તેનાં છોતરાંનો એક ખુણામાં ઢગલો દીઠો, તે જોઇ તેણે વિચાર કર્યો કે દોષ વિનાની માત્ર આટલીજ વસ્તુ છે. એમ કહી તેની પોટલી બાંધી પોતે રાજાનો મહેલ જોવા સારૂ અંદર ફરવા લાગ્યો. ફરતાં ફરતાં જે ઠેકાણે રાજા સૂતા હતા ત્યાં ગયો, તો રાજાનો મિત્ર એક વાંદર ઉઘાડી તરવારે ચોકી કરતાં દીઠો. આથી બ્રાહ્મણને ઘણી નવાઇ લાગી. હવે તે વખતે એવો બનાવ બન્યો કે બારી ઉપર એક મોટો સાપ લટકયો, અને તેનો પડછાયો પલંગમાં સૂતેલા રાજાના ઉપર પડયો. તે પડછાયો જોઇ વાંદરે વિચાર કર્યો કે આ સાપ રાજાને કરડશે માટે તેને મારી નાખું, એવો વિચાર કરી રાજાની ઉપર પડેલા સાપના પડછાયા ઉપર જેવી તરવાર મારવા જાય છે કે બ્રાહ્મણે દોટ મૂકી તેને પકડી લીધો. એટલે વાંદરે ક્રોધાયમાન થઈ પોતાના નખવતી તેને લોહીલોહાણ કર્યો. એવામાં રાજા જાગ્યો અને બ્રાહ્મણને પૂછ્યું, તું કોણ છે? અને રાત્રિને વિષે અહીં કયાંથી? બ્રાહ્મણ બોલ્યો, ગરીબપરવર! હું એક વિદ્વાન બ્રાહ્મણ છું, અને

ચોરોની સાથે ચોરી કરવા આવ્યો હતો, ચોર લોકો ઝવેરાત લઈ નાશી ગયા, પણ મને વિચાર થયો કે ઝવેરાત, નાણું, વિગેરે ચોરવાનો શાસ્ત્રમાં દોષ કહ્યો છે. માટે તે ન લેવાય, જેથી દોષ વિનાની વસ્તુ મને ડાંગરનાં છોતરાં જણાયાં તેની પોટલી બાંધી આપનો મહેલ જોવા સારૂ ફરતો હતો. એટલામાં આ બારીમાં એક મોટો સાપ લટકેલો મેં દીઠો, અને તેનો પડછાયો આપના ઉપર પડેલો હતો; તે પડછાયાને સાપ જાણી આ વાંદર જેવો આપના ઉપર તરવાર મારવા જતો હતો તેવોજ મેં તેને પકડી રાખી આપને ઉગાર્યા, રાજા આવી હકીકત સાંભળી ઘણો ખુશી થયો અને તે બ્રાહ્મણને ઘણું ઈનામ આપી વિદ્વાન તરીખે પોતાની પાસે રાખ્યો, તેજ વખતે રાજા સમજ્યો કે મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો શત્રુ હોય તે સારો.

છોકરાઓ! તમે વિચાર કરો કે, વાંદર એ રાજાનો મિત્ર હતો પણ જાતે મૂર્ખ હતો, જેથી તેની મૂર્ખાઈનું ફળ રાજાને ભોગવવું પડત, અને પેલો બ્રાહ્મણ વિદ્વાન હતો, પણ ચોરી કરવા આવ્યો માટે રાજાનો શત્રુ હતો, તોપણ તેણે રાજાનો પ્રાણ ઉગાર્યો. માટે વ્યવહારમાં તમારે યાદ રાખવું કે, મૂર્ખ માણસની સાથે મિત્રાચારી કદી પણ કરવી નહિ.



અકબર અને ટોડરમલનો પૂર્વજન્મ.

આપણા ભરતખંડમાં મુસલમાની રાજ્ય હતું, તે વખતે હિંદુઓ ઉપર ઘણો જુલમ થતો, તેમની ધર્મક્રિયાઓ અટકાવવામાં આવતી, તેમના ઉપર માથાવેરો અને જાત્રાવેરો પણ નાખવામાં આવતો, અને જોરજુલમથી હિંદુઓને વટાળવામાં પણ આવતા હતા. આવા જુલમથી હિંદુ રૈયત તમામ કકળી ઉઠી. બિચારા હિંદુ લોકને ફર્યાદ કરવાનું કોઈપણ ઠેકાણું રહ્યું નહિ. છેવટે ઘણાખરા હિંદુ લોકોએ મળી કાશીમાં કોઇએક મહાત્મા પુરૂષ હતા તેમની પાસે ફર્યાદ કરવા જવાનો વિચાર કર્યો. કાશીમાં તે મહાત્મા પુરૂષની પાસે જઈ પોતાના ઉપર થતો સર્વ જુલમ કહી સંભળાવ્યો. મહાત્મા પુરૂષે વિચાર કર્યો કે, સત્તા આગળ શાણુપણ શા કામનું ! હું કદાપિ શિખામણ દઈશ તોએ મુસલમાની રાજા માનશે ખરો કે ? એવો વિચાર કરી હિંદુ રૈયતને સમજાવી ત્યાંથી રજા આપી. હિંદુ રૈયત ફર્યાદ કરવા ગયેલી જાણી મુસલમાન લોકોએ વધારે જુલમ કરવા માંડયો, અને તેમની સ્ત્રીઓને પણ વટાળવા માંડી આવી રીતનું દુઃખ વધવાથી હિંદુ લોકો બીજીવાર પેલા મહાત્મા પુરૂષની પાસે ફર્યાદ કરવા ગયા મ-

હાત્મા પુરૂષે વિચાર કર્યા કે હિંદુ રૈયતને ઉગરવાનો માત્ર એકજ ઉપાય છે, તે એ કે જો કોઇ હિંદુ રાજા અવતાર લે તોજ હિંદુઓનું દુઃખ ટળે. ઘણું તપ કરવાથી રાજાની પદ્વી મળે છે, અને અધુરા તપથી રાજાની પદ્વી મેળવવી હોય તો, યગ્નકૂંડમાં શાસ્ત્રીય વિધિ પ્રમાણે જીવતાં બળી મરવું. આ પ્રમાણે શાસ્ત્રમાં કહેલું છે. તે પ્રમાણે પોતે અધૂરા તપથી હિંદુ રાજાનો અવતાર લેવા પેલા મહાત્મા પુરૂષ યગ્નકુંડમાં બળી મરવા તૈયાર થયા, અને પોતાના તમામ શિષ્યોને પાસે બોલાવ્યા. તેમાં પોતાનો સૌથી જે મોટો શિષ્ય હતો તેને પણ પોતાની પાછળ જીવતો બળી મરવાની આજ્ઞા કરી.

યગ્નકુંડનીતૈયારી થવા લાગી, બરાબર વિધિ કરવા માટે બીજા કેટલાક મુની લોકોને બોલાવવામાં આવ્યા. યજ્ઞની શરૂઆત થતાં મહાત્મા પુરૂષે કહ્યું કે, જ્યારે મારો છાતીનો ભાગ બળવા લાગે ત્યારે મારા મોંમાં દૂધ રેડવું, એટલે મને ગભરામણ થશે નહિ. ફાંસી દેવાના થાંભલા ઉપર માણસ જે પ્રમાણે ટીંગળાય છે, તેજ પ્રમાણે યગ્નકુંડ ઉપર પેલા મહાત્મા પુરૂષ સમાધી લઈને ટીંગળાયા. નીચલી બાજુથી યજ્ઞ શરૂ કર્યો, તેની મોટી મોટી જ્વાળાઓથી મહાત્મા પુરૂષના અવયવો બળી યગ્ન કુંડમાં ખરી પડવા લાગ્યા, બળતાં બળતાં જ્યારે છાતીનો ભાગ આવ્યો. ત્યારે અગાઉથી

આ પ્રમાણે તેમના મોંઢામાં દૂધ રેડયું, તેજ વખતે મહાત્માની આંખમાંથી આંસુ પડયાં. એટલે તેમના શિષ્યે પૂછયું. મહારાજ ! કેમ દીલગીર થયા ! મહાત્માએ કહ્યું કે, ગાળ્યા વિનાનું દૂધ મારા મોંઢામાં રેડયું. તેથી મારે હિંદુ રાજા ન અવતરતાં મુસલમાની રાજાને ત્યાં અવતાર લેવો પડશે. યજ્ઞ પુરો થયો અને મહાત્મા પુરૂષ બળી ભસ્મ થઇ ગયા. એટલે તુરતજ તેમની પાછળ તેમનો મોટો શિષ્ય પણ જીવતો બળી મુઓ.

છોકરાઓ ! ત્યાર પછી બીજે અવતાર પેલા મહાત્મા પુરૂષ હિંદુ લોકનાં દુઃખ ટાળવાને અકબર શાહ હિમાયુને ત્યાં અવતર્યો, તેણે હિંદુ મુસલમાનને સરખા ગણી તમામ રૈયતને સુખ આપ્યું, અને પેલો શિષ્ય જે બળી મુઓ તે ટોડરમલ હિંદુ વજીર થયો, તેણે રૈયતના સુખને સારૂ જમાબંધીની નવી રીત બાંધી તેમજ ભરવાનાં અને તોળવાનાં માપ પણ તેણે નક્કી કર્યાં.



આંધળાં માબાપ અને શ્રવણ.

પૂર્વે અયોધ્યામાં સર્યુ નદીને કાંઠે શાન્તનું નામે એક તપસ્વી રહેતો હતો. તેની સ્ત્રીનું નામ જ્ઞાનવતી હતું; સ્ત્રી પુરૂષ બન્ને મહાદેવજીનાં પરમ ભક્ત હતાં, પણ તેમને કંઇ સંતાન નહોતું. પોતાને પુત્ર થાય તે માટે મહાદેવજીની ઉપાસના કરવા તેઓ કૈલાસમાં ગયાં. ત્યાં મહાદેવજીએ તેમને વરદાન આપ્યું કે તમારે પેટે શ્રવણ નામે ઘણો ભક્તિભાવવાળો પુત્ર અવતાર લેશે, પરંતુ તેની જુવાન અવસ્થામાં તમો બન્ને આંધળાં થશો.

ભોળાશંભુના આપેલા વરદાનથી કેટલીક મુદતે શ્રવણ અવતર્યો, તે સત્તર વરસનો થયો એટલે તેનાં માબાપની આંખોનું તેજ ઘટવા લાગ્યું, અને છેવટે તે આંધળાં થયાં.

એક દિવસ શાન્તનુંના પિતાનું શ્રાદ્ધ હતું, તેથી તે દિવસે અતિથિ લોકને જમવા સારૂ બોલાવ્યા હતા. તે જોઈ શ્રવણે પોતાની માતાને પૂછ્યું, માતુશ્રી ! મારા પિતા પોતાના સ્વર્ગવાસ થયેલા પિતાની સેવા કરવામાં આટલો બધો આનંદ માને છે, અને તું મારી પાસે પીવાને પાણી પણ માગતી નથી, ત્યારે શું ! હું તારો પુત્ર નહિ ? તેની માતાએ કહ્યું, મારા વહાલા દીકરા ! હાલમાં તું ઉતાવળો થઇશ

નહિ, કારણ કે અમારા વૃદ્ધપણામાં તું કાયર થઈશ એટલી બધી ચાકરી તારે કરવી પડશે.

એટલામાં એક આંધળી ભીખારણ પોતાનાં બે બાળકોને લઈ ખભે બેસારી ભીખ માગવા આવી. તે જોઈ શ્રવણે પૂછયું, માતુશ્રી ! આ બિચારી આંધળી ભીખારણ બે બાળકને વીંઢાળી ભીખ માગવા ભટકે છે, તે કરતાં એક ધર્મશાળામાં તેમને મૂકીને આવે તો કેમ ? તેની માતાએ કહ્યું, બેટા ! જ્યાં સુધી તેના હાથ પગ ચાલે છે ત્યાં સુધી તે આમ તેમ ભટકી તેમનું પેટ ભરે છે. પરંતુ ઘરડપણમાં જ્યારે તેના હાથ પગ અટકશે ત્યારે આ બે છોકરાં તેની ચાકરી કરશે.

છોકરાંને ઉછેરવાસારૂ માબાપ કેટલું બધું દુઃખ વેઠે છે, તે શ્રવણ સારી પેઠે સમજ્યો. તેથી તે પોતાનાં માબાપની ઘણીજ સેવા કરવા લાગ્યો. એક દિવસ તેના પિતા નિસાસો નાંખીને બોલ્યા કે, જ્યાં સુધી આ શરીર મણીકર્ણિકાના ઘાટ ઉપર ગંગાજીમાં બોળાયું નથી, તેમજ બદ્રિનાથ, રામેશ્વર, અને જગન્નાથજીનાં પુંજન કર્યાં નથી, ત્યાં સુધી આત્માનો મોક્ષ ક્યાંથી ? આવી હકિકત શ્રવણે સાંભળી, એટલે એક મજબૂત કાવઠ તૈયાર કરાવી તેમાં પોતાનાં આંધળાં માબાપને બેસારી તે કાવઠ પોતાને ખભે મૂકી, સર્વ તિર્થયાત્રા કરાવવા સારૂ નીકળ્યો, આવી માબાપની ભક્તિથી ઇંદ્રનું ઇંદ્રાસન પણ ડો-

લવા લાગ્યું, એવામાં નારદજી ઇંદ્રને ત્યાં ગયા, તેમણે કહ્યું કે શ્રવણ નામે એક મનુષ્ય માતપિતાની સેવારૂપી મોટું તપ લઈ બેઠો છે, કે જેના પ્રતાપે તમારૂં ઇંદ્રાસન ડોલે છે. શ્રવણ તિર્થ યાત્રા કરતો કરતો પાણીપતના મેદાનમાં થઇને આગળ ચાલ્યો.

એક દિવસ અયોધ્યાનો રાજા દશરથ શિકારે નીકળ્યો હતો, તે આખો દિવસ જંગલમાં ભટક્યો, પણ કોઇ શિકાર તેના હાથમાં આવ્યો નહિ. તેથી રાત્રિને વિષે એક ઝાડ નીચે બેઠો, એવામાં તે જંગલમાં આ શ્રવણ પોતાનાં આંધળાં માબાપને લઇને આવ્યો. માબાપ તરશ્યાં થયેલાં હોવાથી શ્રવણ નદીમાં પાણી લેવા ગયો, વાસણમાં પાણી ભરાતી વખતનો અવાજ સાંભળી દશરથ રાજાએ જાણ્યું કે, આ કોઈ જાનવરનો અવાજ હશે, એમ જાણી બાણ માર્યું તે શ્રવણના પગમાં વાગ્યું, અને જય પ્રભુ ! એવી ચીસ પાડી પોતે મરણ પામ્યો. ધન્ય છે શ્રવણને કે જેણે પોતાનાં માબાપની ભક્તિમાં પ્રાણ ખોયો.

છોકરાંને ઉછેરવાને માબાપ કેટલું બધું દુ:ખ વેઠે તેનો આપણે વિચાર કરીએ, બાળકને ઉછેરવા માટે તેની માતા મીઠી મીઠી વસ્તુઓ ખાવાની પણ મૂકી દે છે. સારી પથારીમાં ન સૂતાં બાળકને ભીનેથી સૂકામાં સૂવાડી તેના મળમૂત્રથી રગદોળાએલી પથારીમાં પોતે સૂઈ જાય છે. ભોજન

કરવા બેઠી હોય, અને બાળક વખતે રડે, તો પોતાના ખોળામાં લઇને તેને ધવરાવે છે, અને તેવે વખતે બાળક ખોળામાં ઝાડે પણ જાય છે. એટલે તે બિચારી પોતાનું ખાવાનું અધુરૂં મૂકીને ઉઠી જાય છે. અરે ! માબાપનો આપણા ઉપર કેટલો બધો પ્રેમ ! કેટલી મમતા ! કેવી માયા ! કે જેની બરોબરી કોઇથી પણ થઈ શકે નહિ. માટે—

છોકરાઓ ! માટે તમારે યાદ રાખવું કે-માબાપના સમાન બીજું કોઈ સગું નથી, તેમ તમના જેવું કોઈ પણ રક્ષણ કરનાર નથી, માટે તેમની ખરા દિલથી સેવા કરો.



જન્મેજય અને વ્યાસમુનિ.

એક વખત જન્મેજય રાજાને ત્યાં વ્યાસ મુનિ ફરતા ફરતા આવ્યા, તે વખતે જન્મેજયે પૂછ્યું કે, મહારાજ ! ભવિષ્યમાં મારે હાથે કંઈ ખોટું કામ થવાનું હોય, તો કૃપા કરી મને જણાવો. વ્યાસ મુનિએ કહ્યું કે, હે રાજા ! તારે હાથે ૧૮ બ્રહ્મહત્યા-

ઓ થવાની છે, માટે મારા કહેવા પ્રમાણે તું ચાલીશ તો એ હત્યાઓ તારે હાથે થશે નહિ.

સાંભળ ! આજથી છઠ્ઠે દિવસે તને શિકાર કરવાનું મન થશે, પરંતુ તે દિવસે તું ઉત્તરદિશામાં શિકાર કરવા જઇશ નહિ. કદાપિ ઉત્તરદિશામાં જાઉં તો ત્યાં હરણીનો શિકાર કરીશ નહિ; કદાપિ હરણીનો શિકાર કરૂં તો તેના પેટમાંથી જે કન્યા નીકળે, તેને તું ઘેર લાવીશ નહિ, કદાપિ એ કન્યાને તું ઘેર લાવું તો એની જોડે લગ્ન કરીશ નહિ, કદાપિ લગ્ન કરૂં તો તું એને પટરાણી કરીશ નહિ; કદાપિ જો પટરાણી કરૂં તો અશ્વમેધ યજ્ઞ કરીશ નહિ, કદાપિ યજ્ઞ કરૂં તો મંત્ર ભણનાર ઘરડા બ્રાહ્મણોને બોલાવજે, જુવાનને બોલાવીશ નહિ, અને કદાપિ જુવાન બ્રાહ્મણોને બોલાવું તો ક્રોધ કરીશ નહિ અને જો ક્રોધ કરીશ તો તારે હાથે ૧૮ બ્રહ્મહત્યાઓ, થશે. આ પ્રમાણે સમજ આપી વ્યાસમુનિ વિદાય થયા.

હવે વ્યાસમુનિના કહેવા પ્રમાણે છઠ્ઠો દિવસ આવ્યો, એટલે રાજાને શિકારે જવાનું મન થયું. રાજાએ વિચાર કર્યો કે, વ્યાસમુનિએ મને ઉત્તરદિશામાં શિકારે જવાનું ના કહ્યું છે, તો હું દક્ષિણ દિશામાં જઇશ, એવો વિચાર કરી કેટલાક ઘોડેસ્વાર લોકોને લઇ પોતે દક્ષિણદિશામાં શિકારે નીકળ્યો; ત્યાં જંગલમાં ટેકરી ઉપર એક ઘરડો ડુક્કર ઉભેલો જોઇ રાજાએ તેને ઘેરી લીધો, પણ દૈવયોગે તે ડુક્કર રાજાના ઘોડા

નીચે માથું મારી નીકળી ગયો. રાજાએ તેની પાછળ પોતાનો ઘોડો દોડાવ્યો, ડુક્કર ચકરી મારી દક્ષિણદિશામાંથી ઉત્તરદિશામાં આવી ગયો, અને એક પર્વતની તળેટીમાં ઉતરી પડયો. રાજાએ થોડે દૂર એક ટેકરી ઉપર હરણી ઉભેલી જોઇ તેને બાણ મારી મારી નાખી, રાજા નજીકમાં આવીને જુએ છે તો હરણીનો શિકાર થયેલો દીઠો, દિશા સામી નજર કરી તો ઉત્તરદિશા જણાઇ. રાજાએ વિચાર કર્યો કે હવે શું કરવું? ક્ષત્રીનો ધર્મ છે કે શિકાર કરેલો પડતો મૂકાય નહિ, એમ વિચાર કરી તે હરણી ચીરી તો માંહેથી એક દેવરૂપ કન્યા નીકળી, હવે કન્યાને ઘેર લેવી કે નહિ તે બાબત વિચાર કર્યો તો વ્યાસમુનિનું વચન યાદ આવ્યું કે, એ કન્યાને તું ઘેર લાવું તો લગ્ન કરીશ નહિ. માટે હું ઘેર લઇ જાઉં પણ તેની સાથે લગ્ન કરીશ નહિ, એવો વિચાર કરી તે કન્યા પોતાને ઘેર લાવ્યો.

હવે તે કન્યા જેમ જેમ મોટી થવા લાગી તેમ તેમ તેનું રૂપ ખીલવા લાગ્યું. બાર ચૌદ વર્ષની કન્યા થઈ એટલે રાજાએ તેને પરણાવવાનો વિચાર કર્યો; અને તેને માટે લાયક વર શોધવા દેશો દેશ તપાસ કરી; પણ લાયક વર મળી આવ્યો નહિ, એટલે રાજાએ વિચાર કર્યો કે, વર ન મળે માટે કન્યા કુંવારી રહે? હું જ એને પરણીશ, એવો વિચાર કરીને પોતે પરણ્યો, અને તે ઘણી રૂપાળી હોવાથી રાજાની માનીતી પટરાણી થઈ.

રાજા એક વખત શિકારે નીકળ્યો હતો, તે વખતે નારદમુનિ રાણીના મહેલમાં ગયા. નારદમુનિને આવેલા જોઇ રાણી પગે લાગીને બોલ્યાં મહારાજ! મારા નશીબમાં કંઇ પ્રજા છે કે નહિ? નારદ બોલ્યા, તારા નશીબમાં ચંદ્રમા જેવો એક ઘણો રૂપાળો પુત્ર છે, પણ જન્મેજય રાજા અશ્વમેધ યજ્ઞ કરે તોજ તને પુત્ર થાય, એટલું કહી નારદ ત્યાંથી ચાલ્યા ગયા.

રાજા શિકારેથી આવતા પહેલાં રાણી શોકાતુર થઇને બેઠાં હતાં, સંધ્યાકાળે રાજા આવ્યા, એટલે રાણીને શોકાતુર થવાનું કારણ પૂછયું, રાણીએ ઉત્તર આપ્યો કે, નારદમુનિના કહેવા પ્રમાણે જો તમે અશ્વમેધ યજ્ઞ કરો તો મારે પુત્ર થાય. રાજાએ કહ્યુ, તું ગમે તેમ કરે તો પણ હું અશ્વમેધયજ્ઞ કરનાર નથી. રાણીએ કહ્યું, હું આપઘાત કરી તમને સ્રીહત્યા આપીશ; એમ કહી પોતાની જીભ જેવી ખેંચી નાખવાજાય છે કે તુરત રાજાએ તેનો હાથ પકડયો, અને વિચાર કર્યો કે સ્રીહત્યા લેવી પડે તે કરતાં વ્યાસમુનિના કહેવા પ્રમાણે યજ્ઞમાં ઘરડા બ્રાહ્મણોને બોલાવીશ એવો વિચાર કરી યજ્ઞ કરવાની રાણીને કબુલત આપી; અને થોડી મુદત પછી રાજાએ યજ્ઞ પણ શરૂ કર્યો, તેમાં મંત્ર ભણનારા ૧૮ ઘરડા બ્રાહ્મણોને બોલાવવામાં આવ્યા. ઘરડા બ્રાહ્મણો વધારે દક્ષિણા લઈ જશે એમ જાણી જુવાન બ્રાહ્મણોએ તેમને કાઢી મૂકાવવાની યુક્તિ કરી, અને સમય જોઇ એક જુવાન

બ્રાહ્મણ રાણી પાસે ગયો. રાણીએ કહ્યું મહારાજ કેમ પધાર્યા ? બ્રાહ્મણે કહ્યું, આપે મંત્ર ભણુનારા ઘરડા બ્રાહ્મણો બોલાવ્યા છે, પણ તેમને મોંઢામાં દાંત ન હોવાથી થુંકના છાંટા નીકળે છે તે યજ્ઞમાં તથા પુંજાની સામગ્રી ઉપર પડે છે, અને તેથી તમારો યજ્ઞ ભ્રષ્ટ થાય છે. માટે જે ફળ મેળવવા તમે યજ્ઞ કરોછો, તે ફળ તમને મળનાર નથી. રાણીએ કહ્યું, હું યજ્ઞમાં તપાસ કરી તમને જરૂર બોલાવી લઇશ.

રાણીએ યજ્ઞમાં આવી તપાસ કરી તો થુંકના છાંટા પુંજાની સામગ્રી ઉપર પડેલા દીઠા, અને તે રાજાને બતાવ્યા. રાજાએ તેજ વખતે ઘરડા બ્રાહ્મણોને કાઢી મૂકી, જુવાન બ્રહ્મણોને બોલાવી લીધા. જુવાન બ્રાહ્મણોએ યજ્ઞની શરૂઆત કરી અને ઘોડાની ડોક રાણીના હાથમાં આપી.* તે વખતે ઈંદ્રે છુપી રીતે પ્રવેશ કરી રાણીના હાથમાં તે ડોકું નચાવ્યું. તે જોઇ જુવાન બ્રાહ્મણોને હસવું આવ્યું, એટલે રાજા ક્રોધાયમાન થઇ દર્ભની સળી પોતાના હાથમાં લઈ મંત્ર ભણી બ્રહ્મણો ઉપર નાખી એટલે તમામ બ્રાહ્મણનાં શિર કપાઈ ગયાં, અને તેઓ મરણ પામ્યા. રાજા બેભાન થઇ પોતે રૂદન કરવા લાગ્યો. એવામાં બીજીવાર વ્યાસ મુનિ ફરતા ફરતા ત્યાં આવ્યા, રાજાએ બે હાથ જોડી વિનંતિ કરી કે, મહારાજ ! મારો અપરાધ ક્ષ-

---

* ઘરડા બ્રહ્મણોએ ઘોડાનાં કેટલાંક અંગ હોમ્યાં હતાં.

મા કરો, અને આ બ્રહ્મહત્યાઓનું પાપ નિવારણ કરો. વ્યાસમુનિએ કૃપા કરીને પોતાના શિષ્ય વૈશમ પાયનને મોઢેથી મહાભારતનાં ૧૮ પર્વ સંભળાવી તેની ૧૮ બ્રહ્મહત્યાઓ નિવારણ કરી.

છોકરાઓ! ગુરૂના પ્રતાપે જન્મેજય રાજાની બ્રહ્મહત્યાઓ નિવારણ થઈ, એ તમે આ વાર્તામાં જોયું માટે ગુરૂનો મહિમા ઘણો મોટો છે. એ વાત યાદ રાખી તમે તેમની શિખામણ પ્રમાણે ચાલશો તો તમારાં પાપ પણ નિવારણ થશે.



બીડી પીવી નહિ.

સાંજના પાંચ વાગ્યાનો શુમાર થતા પહેલાં ચંદુ નામે એક વ્યસની ને નઠોર છોકરો નિશાળમાંથી છાનો માનો ઘેર નાશી ગયો હતો. પાંચ વાગ્યે વિદ્યાર્થીઓ છૂટયા પછી મોહન નામે એક ઘણો ડાહ્યો અને સુશીલ વિદ્યાર્થી પોતાને ઘેર જતો હતો. રસ્તામાં મગનલાલ શેઠની દુકાન આગળ ઘણા ઘરડા પુરૂષો બેઠા હતા. ત્યાં આગળ આ બન્ને વિદ્યાર્થી સામસામા મળ્યા. તે જોઇ—

મોહન—કેમ! ચંદુભાઇ! કયાં જાઓ છો? નિશાળ

માંથી છાનામાના નાશી ગયા. માટે બોલશો નહિ કે ?

ચંદુ—નિશાળમાં મને કંઈ પણ ગમતું નથી, કારણ કે બીડી પીધા વિના મારે એક પળ પણ ચાલે નહિ. છાનોમાનો બહાર નીકળી વખતે બીડી પીઉં છું તો માસ્તર સાહેબ મને ગધેડા માફક પુષ્કળ માર મારે છે.

મોહન—એ બધું હું જાણું છું, પણ અત્યારે ક્યાં જશો?

ચંદુ—સમજતો નથી? આખો દિવસ નિશાળમાં ગોંધાઇ રહેલો હોવાથી, શરીરે ઘણો પરશેવો થયો છે, માટે હું તળાવે નહાવા જાઉં છું. કેમ! તમારે આવવું છે?

મોહન—નારે! ભાઈના! મારે તો થોડું લેશન કરવું છે, એટલે મારાથી તો નહિ અવાય.

ચંદુ—તમે તો લેશન કરીનેજ મરી જવાના, સુદામા ચરિત્ર નાટકમાં આપણે એક વિદ્યાર્થીનાં વાક્ય વાંચ્યાં હતાં કે भणतव्यं तोपि मरतव्यं न भणतव्यं तोपि मरतव्यं, तो वृथा महेनत किं करतव्यं એ શિખામણ મેં બરાબર યાદ રાખી છે. માસ્તર સાહેબ મને ગમે તેમ મારે, ટીપે, પણ આપણે તો તેના તેજ રહેવાના.

મોહન—વાહ! ભાઇ વાહ! આમ શું બોલે છે, એતો તારા જેવા નઠોર વિદ્યાર્થીનાં વાક્ય હોવાથી તુંજ યાદ રાખે.

ચંદુ—મહેરબાની કરી જરા મારી સામું તો જુઓ ! અમારે કશી પંચાત છે? અત્યારે જઈશું ! ત્યાં નહાઈશું ! બે ઘડી ગમ્મત પણ કરીશું ! અને આ બીડીઓ પણ પીશું ! હાથમાં બીડી ! મોંમાં બીડી ! ખીસ્સામાં પણ બીડી ! અને આ પૈસા છે તે પણ બીડીઓને માટેજ છે. લ્યો, આ એક બીડી તો પીવો !

મોહન—માફ કરો, બહુજ થઈ ગઈ ! અત્યારથી નાની ઉમરમાં બીડી કેવી ? તમને એથી શો લાભ છે? ઉલટું ફેફસું બગડે, આગળ વધે, અને પૈસાની ખુવારી થાય તે જુદી.

ચંદુ—અમારે પૈસા લેવા કયાં જવું પડે છે. ઘરમાંથી ચાર આના ચોરી લાવી તેમાંથી પૈસે પૈસે પેલા અભરામ વહોરાને ત્યાંથી બીડીઓ લાવી પીએ છીએ. કારણ કે તે સિવાય આપણને બિલકુલ ચેન પડે નહિ. તમે એની લહેજત તો જરા જુઓ.

મોહન—એની લહેજત તો તમેજ જુઓ, કુમળા હૃદયને બાળનાર, અને બુદ્ધિને મંદ કરનાર. એવી બીડી, ઘણી ખરાબ વસ્તુ છે. તમે જુઓ કે બીડીના વ્યસને તમારા જેવા બેવકુફ માણસ ઉપર કેટલી બધી સત્તા બેસારી છે, કેવા ખરાબ કર્યા છે, ઘરમાં આબરૂ તો મળેજ

નહિ, વિશ્વાસ પણ કોઈ રાખે નહિ, વળી શરીર તથા મગજને પણ નુકસાન થાય છે, જેમ તંબાકુ, હુક્કો, બીડી, અને સુકાના વ્યસનમાં જેટલી પૈસાની ખુવારી કરો છો. તે કરતાં વિદ્યાનું વ્યસન રાખો, ભાઈ ! હું કહું છું તેમાં તમને સો ગણો લાભ છે. પછી તો જેવી આપની મરજી.

ઉપરના બોલ ચંદુના હૃદયમાં એવા સજ્જડ ચોંટયા કે, તેજ વખતથી તેણે પોતાની પાસેની બીડીઓ ફેંકી દઈ તેનો ત્યાગ કર્યો, અને અભ્યાસમાં ઘણી કાળજી રાખવા લાગ્યો જેથી તે છોકરો પણ મોહનના જેવો ઘણો સારો નીવડયો.

છોકરાઓ ! બીડી પીવાથી થતા ગેર ફાયદા લક્ષમાં રાખી તેની સોબત છોડો, અને ચંદુની પેઠે ચીવટ રાખી તમે જાતે સુધરી બીજાને પણ સુધારો જેથી છેવટે સર્વનું કલ્યાણ થશે.

સમાપ્ત.

